ગરીસ અને તુરકી વચે ચાલેલી લડાઈની

મૂખતેસર તવારીખ.

ભાગ પેહેલો.

અંગરેજીમાંથી તરજુમો કરનાર,

દાદાભાઈ મનચેરજી ગોભાઈ.

પ્રત — ૧૦,૦૦

મુંબઈ.

ઇસલામી પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

સંવત ૧૯૫૩, સન ૧૮૯૭.

કીમત ચાર આના.



ગાઝી ઓસમાન પાશા ।

તુરકી જનરલ ગાઝી ઓસમાન પાશાની જાણવા જોગ તવારીખ.

ગાઝી ઓસમાન પાશાનો જન્મ સને ૧૮૩૧ માં એશીયા ખંડ મધે આવેલા તુરકીમાં થયો હતો તે જોતાં હાલ તેમની ઉમર વરસ ૬૬ ની છે. શરૂઆતની કેલવણી ઓસમાન પાશાએ તેમના ભાઈ હુસેન અફંદીના હાથ હેઠલ મેળવી હતી. હુસેન અફંનદી ઘણી ભાષામા કુશળ અને વીદવાન હોવા છતાં અરબી ભાષાના પરોફેસર હતા, અને નામદાર સુલતાનની દેખરેખ હેઠલનીની નીશાળના વડા શીક્ષક હતા. ત્યાંથી પુરતું જ્ઞાન હાંસલ કરી ઓસમાન પાશા લશકરી નીશાળમાં દાખલ થયા અને ત્યાં પોતાની બાહોસી ચપલતા અને જાતી ઉદયોગ તેમજ તીક્ષણ સમજ ઉપરથી મોટી ફતેહ સાથે એક કાબીલ સીપાહ થઈને બાહેર પડયા.

સને ૧૮૫૩ માં તેવણે જે મોટી સરટીફીકીટો મેલવી હતી તેથી લેફટનંટની વડી પદવી ઉપર તેવણની નેમણુંક થઈ. કરીમીયાની લડાઈ વખતે તેવણની સ્ટાફમાં જોડણી થઈ અને ત્યાં એવી તો લડાયક કુનેહ અને બહાદુરી દરશાવી કે લડાઈ પુરી થઈ કાનસટનટીનોપલ ખાતે પાછા ફરયા ત્યારે તેવણને ઇમપીરયલ ગારડની કપટાનની મોટી પદવી અરપણ કરવામાં આવી હતી. તેના થોડાજ દીવસો પછી તેવણ મેજર બનયા; તેપછી સને ૧૮૬૬ ના સાલથી તે ૧૮૬૯ સુધી તેવણે કરીટના ટાપુની લડાઈમાં જાણવા જોગ ભાગ બજાવ્યો. તે પછી તેવણની કરનલ અને બ્રીગેડીઅર જનરલના ચહડતા ઓધાઓ ઉપર નેમણુંક થઈ. સરવયા અને તુરકી વચેના મહાભારત કામો પાર પાડવા માટે નામદાર સુલતાને તેવણથી બહુ રાજી થઈ જઈ ફીલડમારશલનો સરવેથી વડો ઓધો તેમને આપયો હતો. રૂશ્યન અને તુરકી વચેની લડાઈનું જાહેરનામું બાહેર પડતાં ને બાર નામદાર સુલતાને ઓસમાન પાશાની સતા હેઠલ એક વખત ૭૬ બટાલીઅન, ૬ સ્કાદરન, અને ૧૭૬ તોપો રાખવાની બહાલી આપી હતી. સને ૧૮૭૭ અને માસ જુલાઈ માં આ નામાકીત મહાભારત જનરલે પલેવના ઉપર ભારે ટકાવ

કરી જોઈતી મજબુતી મેળવી એવી તો બાહોસી અને લડાયક કુને હથી રૂશયનોને હંફાવ્યા હતા જે માટે હાલ તરત એવણનું નામ ઈતીહાસના પુસ્તકોમાં મોટા શબ્દોમાં લખવામાં આવ્યું છે. તે વખતે તુરકી સીપાહની બહાદુરી, તેવણની જબરાઈ અને મોટી સંખયાના દુશમનો સાથે મુકાબલો કરવાની હીમત અનેતેમની લડાયક કુનેહ માટે ગાઝી ઓસમાન પાશાએ પોતાના શતરૂઓ રૂશયનો, અને બીજા દેશના સીપાહો ઉપર સારી છાપ બેસાડી આપી હતી. રૂશયાનો તે વખતનો ઝાર તુરકો સામે લશકરના ટોળાને ટોળાં મોકલતો હતો પણ પલેવનાના સીંહ અને લડાઈના મહાન નર મારશલ ઉસમાન પાશા સામે તેવણની કાંઈ બીસાદ જણાતી ન હતી. તુરકીની હીમત તેવણની બહાદુરી અને જાન ઉપર આવી જઈ લડવા માટેનો ઈનસાફ અને તારીફ, તુરકીના શતરૂઓએ કરી છે તે બીનાથી નામદાર સુલતાન એટલા હરખાઈ ગયા હતા જે ઓસમાન પાશાને ગાઝીનો પેહલી પંકતીનો ખેતાબ આપયો હતો. ખચીતજ તે વખતનો બનાવ એવોજ કઠણ અને મહા બીકટ હતો અને ઓસમાન તે ખેતાબના ખરા પાત્ર ઠરે છે. ૭ માસની લાંબી મુદત સુધી જોઈતી લડાયક શામગ્રી, ખોરાક અને જોઈતાં માણસો વગર પલેવનામાં પોતાનો બચાવ કરવો કાંઈ હસીનું કામ નથી આ બીનાથી લડાયક કુનેહ જાણનારા અને બાહોસ માણસોમાં ઉસમાન પાશાની ઘણી વાખ્વાખી ચાલી રહી હતી.

મારચ સને ૧૮૭૮ માં જયારે તુરકી અને રૂશયા વચે સુલેહ થઈ તે વખતે ઓસમાન પાશા ઈમપીરયલ ગારડની વડી પદવી ભોગવતા હતા તે બાદ થોડા દીવસ સુધી કરીટના ગવરનર જનરલ તરીકે કામ કરયું.

ડીસેમબર ૧૮૭૮ માં લડાઈ ખાતાના મધાન નેમાયા જે વડો ઓધો તેવણ હાલ સુધી ભોગવે છે. નામદાર સુલતાન તેવણ ઉપર મોટો ભરોસો રાખે છે અને ઘણીજ મીત્રાચારી તેમજ સગપણ ધરાવે છે તે એટલા સુધી જે ઓસમાન પાશાના એક દીકરાને નામદાર સુલતાને પોતાની છોકરી નીકામાં આપી છે.



મારશલ ઇબ્રાહીમ પાશા.

મારશલ અધહમ પાશા.

હાલની તુરકી અને ગરીસ વચેની લડાઈના સંબંધમા વખણાયલો અને નામદાર સુલતાન તરફથી વડા ખેતાબ પામેલો રાજ ધીકારી અને નામદાર પેહેલવાનનો માન પામેલો તે આ તુરકી લશકરનો વડો અફસર મારશલ અધહમ પાશા છે.

આ મહાન નર અને બાહોસ બહાદુર કોણ છે તે માટેની અતરે તલાશ કરવી વયરથ જશે નહી. થોડા દીવસ થયાં આએ મારશલ માટે યુરોપના વરતમાનપતરોમાં ઘણાંક લખાણો પ્રગટ કરવામાં આવયાં હતાં કોઈ કહેતું જે એવણ ગરીસ તોખમના તો કોઈ વલી લખતું જે તેવણ તો અસલ જરમન છે તે સઘલું ગલત સાબીત કરવા માટે અને તેને એક અસલ મુસલમાન અને તુરકી જમીનનો નબીરો બતાવી આપવા માટે હમો તેનું ટુંક જનમ ચરીત્ર અતરે આપીએ છીએ.

મારશલ અધહમ પાશા તુરકીસ્તાન મધે આવેલાં સરકેશયાના અમીર આગા ફરહાદનો એક પુરો છોકરો છે. મુસલમાનોના પવીત્ર માસ રજબની તા. ૨૭ મી સને ૧૨૬૦ હીજરીને દીને કાનસટનટીનોપલ ખાતે તેવણનો જનમ થયો હતો. નામદાર સુલતાનના ખરચે સ્થાપવામાં આવેલી દારૂલ મઆરીફ રશીદીયા નામની નીશાળમા તેવણની શરૂઆતની કેલવણી થઈ હતી. સને ૧૨૭૫ હીજરીમાં જોઇતી બાહોસી મેળવી અધહમ પાશા લશકરી શાળામા જોડાયા અને સને ૧૨૮૧ મા પોતાનો ઉદયોગ અને જાતી મેહેનત અને ખંતના લીધે લશકરી સરટીફીકટ તેમના ઊપર બક્ષીસ કરવામાં આવી હતી. તેજ વરસ અધહમ પાશા ખાસ સુલતાનની પાંચમી રીજમેંટ અને ૬થી કાલમના બીજા હવાલદારની પદવી ઉપર નેમાયા હતા. તે પછી ૨૨ મી ઝીલહજ સને ૧૨૮૧ માં પાંચમી રીજમેંટમાં તેવણની જમાદાર તરીકેની જાથુકની નેમણુંક થઈ અને અરઝરૂમ ખાતે તેમને રવાના કરવામાં આવ્યા હતા. ત્યાં થોડા માસ વીત્યા એટલે તા. ૨૧ મી સવાલ સને ૧૨૮૨મા તેવણની કપતાનના વડા ઓધાઉપર નેમણુંક થઈ હતી અને લડાઇ ખાતાની કાંઉનસીલમા એક એડીકાંગ તરીકે બીરાજવાને તેમને

પરવાનગી આપવામાં આવી હતી. સને ૧૨૮૩માં તેવણ મેજર મુકરર થઈ એડીકાંગની પદવી ભોગવતા હતા સને ૧૨૮૫ માં કરીટના નામીચા શેહર કાનયા ખાતે ઊપડી જઈ તયાં પડેલા ત્રીજા લશકરના એડવાનસ ગારડના મેજર થયા હતા. સને ૧૨૮૭ માં સ્વારોની રીજમેંટના ત્રીજી રીજમેંટના લેફ્ટનંટ કરનલ થયા અને તે વખતે તેવણ બોસન્યા ખાતે ગયા હતા. સને ૧૨૯૦ માં તેવણ આખરે કરનલ થયા હતા અને તેના બીજા વરસ એટલે ૧૨૯૧ માસ રબીઉલ આખરમાં તેવણની અલાસુના ખાતે બદલી થઈ હતી. તે બાદ સફર માસ સને ૧૮૯૨ મા તુરકી ખાતેની કવાયદવાલી ફોજના બ્રીગેડયર નેમાયા અને ૧૨૯૩ માં લેફ્ટનંટ જનરલની વડી પદવી મેળવી તેવણે સરવીયાની લડાઈમાં ભાગ લીધો હતો જયાં જુનસ અને કઝળતેલા નામના મથકો ઉપર મારશલ અખહમ પાશાએ એવી તો ફતેહ બહાદુરી અને બાહોસી દેખાડી હતી અને મોટી જીત મેળવી હતી જેથી નામદાર શુલતાન તેવણની કારકીરદીથી ખુશ થઈ જઈ તેવણને બરીગેડીઅર જનરલનો વડા ખેતાબ અરપણ કરયો હતો. રમઝાન સને ૧૨૯૩ હી. રૂશયા-તુરકીની વચે ચાલતી લડાઇ વખતે ખાનીયા મથકના તેવણ કમાનડર નેમાય એવી જબરી ફતેહ, અને પોતાની ફોજનો બચાવ કરયો હતો જેના બદલામાં તેવણ જનરલ લારડ તરીકે ઓલખાયા હતા. તે બાદ પલેવના ખાતે પણ ગાઝી ઓસમાન પાશાના હાથ હેઠલ તેવણે કાંઈ નજીવી કારકીરદી બજાવી ન હતી. જયારે નામદાર સુલતાન અને રૂશયાના ઝાર વચે સુલેહ થઈ અને મારશલ અધહમ પાશા પાછા ફરયા તેવારે તેમની બીસ્કતાશ નામના લશકરના કમાનડર તરીકની નેમણુંક થઈ હતી અને તે બાદ સને ૧૨૯૫ માં ગરાંડ જનરલ મુકરર થયા હતા અને અંતે નામદાર સુલતાનના એડીકાંગ નેમાયા હતા. ટુંકમાં બોલતાં તેવણની શરૂઆતથી તે હાલ સુધીની ઘણીજ ઉપયોગી અને બીકટ કારકીરદીને લીધે તેવણે નામદાર સુલતાનની પસંનતા મેળવી છે અને આપણે જેમ જેયું છે તેમ હાલની ગરીસની લડાઈ વખતે તેવણ સઘળી પ્રથવી ઉપર પોતાનુ નામ પ્રખ્યાત કરી નાખયુંછે અને ઓસમાન પાશા કરતાં પણ મોટી કીરતી અને માન ખાટવા પામ્યાં છે.

૬૫૨૪

ગરીસ અને તુરકી વચે ચાલેલી લડાઈની મૂખતેસર તવારીખ.

મારચ ૨૯—ગરીસનો પાટવી કુંવર અને પ્રીનસ નીકલસ પોતાના કુટુંબ સાથે લાંરીસા ખાતે આવી પોહોંચયા અને ત્યાં લશકર તથા લોકોએ તેમને દીલોજાની ભરેલો આવકાર આપયો હતો.

„ ૩૧—પ્રખયાત બળવાખોરોના સરદાર અલેક્ષીસ તાકીએ કેટલાક બળવાખોરોને લઇને મેસીડોનયા ઉપર ધસારો કીધો જયાં ગરેવેના ખાતે તુરકી ફોજની એક ટુકડી તેની સામે થઈ હતી; તેણે તુરકીઓના ઉપર હોમલો કરીને ૧૨ ને મારી નાખ્યા હતા અને બીજા ૨૦ ને જખમી કીધા હતા.

એપ્રીલ. ૬—મોટાં રાજાએ ગરીસ અને તુરકીના ઉપર ભેગી યાદી મોકલી આપીને બંનેને ચેતવણી આપી હતી.

„ ૧૦—ગરીસના કવાયદ વગરના લશકરે તુરકી મુલક ઉપર હોમલો કીધો પણ તેમને ત્યાંથી હાંકી કાહાડવામાં આવયા હતા.

„ ૧૪—બે હજાર ગરીક લશકરે સરહદ ઓલંગીને બે મુસલમાન ગામો બાળી નાખ્યાં. તુરકી લશકરની એક નાની સંખયાએ તેમને પાછા જંગલમાં હાંકી કાહાડયા હતા.

„ ૧૬—તુરકીના નામદાર સુલતાને ગરીસના સામે લડાઈ જાહેર કરી.

„ ૧૯—ગરીકોએ પરેવેસાના ઉપર તોપનો મારો ચલાવવાનું શરૂ કીધું હતું.

,, ૧૯—જનરલ ઈધમ પાશાની સરદારી હેઠલ તુરકી લશકરે ગરીક લશકરને ભારે ખવારી સાથે માલુનાપાસમાં હાર ખવાડી હતી. આ લડાઈમા પોતાના લશકરને માથે ૮૨ વરસની ઉમરના જનરલ ગાઝી હાફીઝ પાશાએ ઘણી બાહાદુરી બતાવી હતી તેઓ શહીદ થયા હતા. (તેમના ઉપર દરૂદ હોજો.)

,, ૨૧—પરેવેસાના ઉપર તોપનો મારો ચલાવવાનું કામ ગરીકોએ બંધ કીધું. તીરનોવાસની લડાઈ. જનરલ ઈધમપાશાની સરદારી હેઠલ તુરકીઓએ ગરીકોને હરાવીને તીરનોવાસનો બચાવ કરનારી ઉંચી ટેકડીઓનો કબજો લીધો હતો; ગરીકો લારીસા તરફ નાઠા.

,, ૨૨—જનરલ ગાઝી ઊશમાન પાશાને તુરકી લશકરના વડા તરીક નેમવામા આવ્યા અને સરહદ તરફ જવા માટે કાનસટનટીનોપલ ખાતેથી ઉપડી ગયા.

,, ૨૨—સાલોનીકાના અખાતમાં આવેલાં લેફતોરારયાના ઊપર ગરીક કાફલાના એક ભાગે તોપનો મારો ચલાવીને લશકરને કીનારે ઉતારવાની કોશેશ કીધી હતી પણ તુરકી લશકરે તેમને પાછલ હાંકી કાહાડયા હતા.

,, ૨૩—માતીની લડાઇ. ગરીક લશકરની સદનતર હાર થઈ હતી અને તીરનાવાસ તથા લારીસાના મથકો છોડી દઈને ફારસલા તરફ નાસી ગયા હતા.

,, ૨૪—જનરલ ઈધમ પાશાએ તીરનોવાસનો કબજો કરી લીધો.

,, ૨૪—જાનીનાં ખાતે સખત અને ખુનરેજી ભરેલી લડાઈ ચાલી હતી તેમા ભારે ખવારી સાથે ગરીકોની હાર થઈ હતી. તેમા ૫૦૦ ગરીકો મારયા ગયાં હતા અને ૬૨ કેદ પકડાયા હતા; તુરકીઓ તરફના ૧૨૪ માણસ શહીદ થયા હતા તથા જખમી થયા હતા.

„ ૨૫—તુરકીઓએ લારીસાનો કબજો લીધો.

„ ૨૫—ઈપીરસમા આવેલા પેનટેપીગેડયાના કીલા અને બેસ્ટ પોમારમાથી ગરીકાને ભારે ખવારી સાથે તુરકીઓએ હાંકી કાહાડયા હતા.

„ ૨૬—વોલોની પડોસમા આવેલાં એક ગામનો તુરકીઓએ કબજો કરી લીધો; એ વખતે ગરીકાના કીલાના પાસ બાની કરનારાં લશકરે સામે થયા વગર પોતાનાં હથયારો છોડી દીધાં હતાં; એ વખતે ૧૧ તોપો અને લડાઈના ઓજારો તથા સરસામાનનો મોટો જથ્થો તુરકી લશકરના હાથમા આવયો હતો.

„ ૨૭—તુરકીઓએ ઝારેકાસનો કબજો કરી લીધો; કબજો કરવા આગમચ ગરીકા તયાંથી નાસી ગયા હતા.

„ ૨૭—એથનસના લોકોએ ઉઠાવેલો મોટો બળવો રાજમાં ઉથલ પાથલ થવાની રાખવામા આવેલી ધાસ્તી.

„ ૨૮—તુરકીઓનું વેલીસતીનોના ઉપર વધી જવું.

„ ૨૯—ચીખાલા છોડીને ગરીકા નાસી ગયલા હોવાથી એક પણ બાર કરયા વગર તુરકી ફોજે તેનો કબજો કરી લીધો હતો.

„ ૩૦—ઈપીરસમાં આવેલાં ફીલીપીદયાનો તુરકીઓએ કબજો કરી લીધો હતો.

મે. ૧—તુરકીઓએ ગરીકાને લુરોસ ખાતેથી હાંકી કાહાડયા હતા.

„ ૨—તુરકી ફોજે વેલીસતીનોની આસપાસ ફરીને તપાસ કરયા પછી કેટલાંક ચોકસ મથકાનો કબજો કરી લીધો હતો કે જેમાથી તેઓએ. ગરીકાને હાંકી કાહાડયા હતા; મોટી લડાઈ થઈ હતી. ગરીકા એવો દાવો કરતા હતા કે તેઓની ફતેહ થઈ હતી તયારે તુરકીઓ પોતાની ફતેહનો દાવો કરતા હતા; પણ લડાઈનું ચોકસ પરીણામ જણાયું હતું નહી તોપણ

તે તુરકીઓની તરફેણમાં ઉતરે એમ હતું.

,, ૩—જખમી થયલા તુરકીઓનો પેહેલો ભાગ કાનસટનટીનોપલ ખાતે આવી પોહોંચયો હતો નામદાર સુલતાને પોતાના ઈલડીઝના મેહેલમાં બાંધેલી ઇસપીટાલમા તેમને રાખવામાં આવ્યા હતા.

,, ૪—ફારસલા આગલ ગરીક અને તુરકીઓના છાવણી નાખ્યા વગર પડેલાં લશકર વચે ચાલેલી લડાઈ. તુરકીઓએ કરી લીધેલો વાસીલીના ગામડાનો કબજો.

,, ૪—ગરીકોએ કરીટ ખાતેથી કરનલ વેસોસને પાછો બોલાવી લીધો હતો.

,, ૫—સેલોનીકાના અખાતની પેલી તરફ પડેલા ગરીકના લોઢાના પડવાલી મનવારના કાફલાએ એક નાની તુરકી સ્કુનર પકડી હતી જેના ઉપર બરીટીશ પારલામેનટનો સર ઈ. એશમદ બારટલેટ નામનો એક સભાસદ ઉતારૂ તરીકે ચહડેલો હતો તેને કેદ પકડવામાં આવયો હતો.

,, ૫—સર ઈ. એશમદ બારટલેટને એથનસ ખાતે લઈ જવામાં આવ્યો હતો પણ તેને તરતજ છોડી દેવામાં આવયો હતો.

મે.—૫—ફારસલા આગલ મોટી લડાઈ. આખી લાઈન ઉપર તુરકીઓની ફતેહ થઈ હતી અને રાત પડવા આવી તયાં સુધી તેમની ફતેહ ચાલુ રહી હતી. રાતના ગરીકો દોમોકોસ ખાતે નાસી ગયા હતા; આ લડાઈ પંદર કલાક સુધી ચાલી હતી; ગરીસના લશકરનો વડો સરદાર તેમનો પાટવી કુંવર હતો; તુરકીના લશકરના વડા સરદાર ઇધમપાશા હતા અને જનરલો મેમદુહ, નશદ, ખેઈરી અને હમદી પાશાઓ મદદ કરતા હતા.

,, ૬—ફારસલાનો તુરકીઓએ કબજો કરી લીધો હતો.

,, ૭—વેલીસતીનો ખાતે લડાઈ ચાલુજ હતી.

૭—વેલીસતીનોની મોટી લડાઈ; તુરકી લશકરની મોટી ફતેહ; ગરીક ફોજને બે ભાગમા કાપી નાખવામાં આવી હતી. ગરીક લશકરનો સરદાર સ્માલે નસકી અને તેના લશકરનો થોડો ભાગ આલમીરો ખાતે નાસી ગયા હતા.

,, ૮—બોલોનો તુરકીઓએ કબજો કરી લીધો હતો. ગરીકની ખરીસ્તી પ્રજાએ બાહેર આવીને ગરીસના જુલમી રાજમાથી પોતાને છોડવનાર તરીકે તુરકી લશકરને મુબારકબાદી આપી હતી.

,, ૧૧—૭ મોટાં રાજો, ગરેટ બરીટન, રૂશયા, ફરાનસ, ઈટલી, આસતરયા હંગરી, અને જરમનીએ વચે પડીને સુલેહ કરાવી આપવા માટે ગરીસને માગણી કરી હતી; ગરીસની સરકારે આ માગણીનો સંતોશકારક જવાબ આપયો હતો.

,, ૧૧—ઈપીરસની ગરીક ફોજ ૩૦૦૦ બંદુકો, દારૂગોલાના ૩૦૦ કેસો અને એક પાહાડી તોપ મેલીને આરતા ખાતે ઝડપથી નાસી ગઈ હતી.

,, ૧૧—પોતાના ફતેહમંદ સીપાહોને આપવા માટે લડાઈના ચાંદ પાડવા માટે નામદાર સુલતાને એક બાદશાહી ફરમાન કાહાડીને હુકમ આપયો હતો.

,, ૧૨—કોસોવાના ગામના મુસલમાન તેમજ ખરીસ્તી રેહવાસીઓએ તુરકી લશકરના ઉપયોગ માટે ૬૨૫ ઘોડા બક્ષેસ આપયા હતા.

,, ૧૨—ગરીક ફોજે કરીટનો દેશ ખાલી કરી જવાનું શરૂ કીધું હતું.

,, ૧૨—મોટાં રાજોએ તુરકીની સરકારના ઉપર એક ભેગી

યાદી મોકલી આપીને એવી સુચના કરી હતી કે સુલેહ કરવી જોઈએ.

,, ૧૩—ગરીબોવોની લડાઈ. મોટી ખુવારી સાથે ગરીકોને હાંકી કાહાડ્યા હતા.

,, ૧૪ થી ૧૬—ગરીકોની નાની મનવારોના કાફલાએ નીકો પોલીસના ઊપર તોપનો મારો ચલાવવાનું શરૂ કીધું હતું; કીનારા ઊપરના તુરકી તોપખાનાએ તરતજ મારો ચલાવીને તેનો જવાબ આપયો હતો, વલી તુરકી લશકરે એટલી બધી તો હીંમત રાખીને પોતાનો બચાવ કીધો હતો કે ગરીક કાફલાને પોતાનો ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી હતી.

,, ૧૫—૭ મોટાં રાજ્યોની ભેગી યાદીનો તુરકીની સરકારે જવાબ મોકલી આપીને કેવી શરતે તે સુલેહના કોલકરાર ઊપર સહી કરશે તે શરતોની વીગત તેમને જણાવી હતી.

,, ૧૫—લુરોસ ખાતે ચાલેલી સખ્ત લડાઈ. ૧૫૦૦૦ માણસની ગરીક ફોજ પોતાના મથકો છોડી દઈને આરતા તરફ નાસી ગઈ હતી.

,, ૧૬—આરતાની પડોસમાં આવેલા ઇપીરસમા સખ્ત લડાઈ થઈ હતી. આ લડાઈમા ગરીકનાં ૨૦૦૦ માણસો મારયાં ગયાં હતાં અને લગભગ ૩૦૦૦ જખમી થયાં હતાં, અને પાછાં આરતા તરફ ફરયાં હતાં. તુરકીના ૨૪૦ માણસ શહીદ થયાં હતાં અને ૭૦૦ જખ્મી થયાં હતાં.

,, ૧૭—ડોમોક્કોની મોટી લડાઇ અને ગરીકોની સદનતર હાર. ગરીકો આ વખતે પોતાના બચાવના મથકો અને લડાઈના અસબાબનો મોટો જથો છોડીને ફુરકાપાસ તરફ નાસી ગયા હતા. આ લડાઈમા તુરકીના ૫૦,૦૦૦ અને ગરીસના ૩૮૦૦૦ માણસોએ

ભાગ લીધો હતો; પણ ગરીકોના હાથમા મજબુત મથકો અને ઉંચી ટેકડીઓ હોવાથી તેમને વધારે લાભ હતો.

,, ૧૮— ફુરકાપાસની લડાઈ. ડોમેકોની લડાઇમા ફતેહ મેલવયા પછી ફતેહમંદ તુરકી લશકર, ફુરકાપાસ મા મજબુત મથકો હાથ કરી બેઠેલા ગરીકોની સામે આવ્યા હતા. આ લડાઇમાં ગરીકોને બેવડો લાભ થાએ એમ હતું કેમકે એક તો તેઓની સંખયા તુરકી સીપાહો કરતાં ઘણી વધારે હતી અને બીજું તેઓએ ફુરકાપાસમા આગમચથી મજબુત મથકો હાથ કરી રાખેલાં હતાં, તો પણ તેમને તેમના મથકો ખાતેથી હાંકી કાહાડવામા આવયા હતા જેથી તેઓ તારતઝા તરફ નાઠા હતા.

,, ૧૯—તારતઝાની લડાઈ. નાસતા ગરીકોની પાછલ લાગીને તુરકીઓએ ૧૦ વાગે પકડી પાડીને તેમના ઉપર હોમલો કીધો હતો. લડાઈ મોકુફ રાખવાની ખબર આવવાથી તે બંધ રાખવામાં આવી હતી. નાની લડાઈઓમાં ગરીકોનો સઘળો દારૂગોળો વીગરે ખુટી જવાથી લેમ્યા ખાતે નાઠા હતા.

,, ૧૯—ઓથરીસ પાહાડે ગરીકોને બચાવ કરવાની જે ઘણી સરસ જોગવાઈ કરી આપી હતી તે, તેઓએ છોડી દીધી હતી. ગરીસનો પાટવી કુંવર, જનરલ સ્મોલેનસકી અને કરનલ વાસોસે પોતાનું વડું મથક થરમાપાલી ખાતે સ્થાપ્યું હતું; ગરીક ફોજ લામ્યા, મોલો અને થરમાપાલીમા એકઠી થઈને પડી હતી ત્યારે મારશલ ઈધમપાશાએ પોતાનું વડું મથક દોમોકોસ ખાતે રાખ્યું હતું અને તુરકીશ લશકર ઓથરીસ પાહાડમા આવેલી સઘલી પાસોનો કબજો કરીને પડયું હતું.

,, ૨૦—લડાઈ મોકુફ રાખવાના કોલકરાર ઉપર તુરકીની તર

ફથી સઉફુલા પાશાએ અને ગરીસના તરફથી કેપ
ટન ફ્રાનદીયાનીસે સહીઓ કરી હતી.

ગરીસ કેમ સ્વતંત્ર થયું ?

ગરીસનો આખો દેશ છેક સને ૧૮૨૨ સુધી તુરકીના તાબા હેઠલ હતો પણ ખુદ તુરકીના રાજમા એ વરસે જે ખટપટ ચાલતી હતી અને બાહેરની લડાઈથી તેના હાથ સીકડાઈ ગયા હતા તેનો લાભ લઈને ગરીકના લોકોએ તુરકીની સતા હેઠલથી સ્વતંત્ર થવા માટેની હીલચાલ કરવા માડી હતી અને તે કેવી રીતે ફતેહ મંદ ઉતરી હતી તે, નીચલી વીગતો ઉપરથી જણાશે. બળવો ઉઠાવવાની છુપી હીલચાલ તો ધણાં વરસથી વીદયાનો વધારો કરનારી, પણ બાતેનમા ઉસેટરનારી રાજદવારો મંડળીની હીલચાલથી શુરૂ થઈ ચુકી હતી. આ મંડલીમાની સરવેથી મખયાત મંડલી ફીલીક હીતેઈરયા અથવા મીત્રોની મંડલી સને ૧૮૧૪ મા કેટલાક ગરીક વેપારીઓએ સ્થાપી હતી, આ વાત જાણવા જોગ છે કે, આ મંડલીની પહેલી શરૂઆત રૂશયાને તાબેના આડીસા શેહેરમા થઈ હતી. આ મંડલીના સભાસદો પોતાના દેશની દાઝ હઈડે ધરનારા હતા એમા કાંઈ પણ શક હતો નહી, પણ આ મંડલીની જાહેર હીલચાલ અને રૂશયાની છુપી મતલબો વચે દેખીતી રીતે સંબંધ હતો. ફીતુરના આ વડા મથક ખાતેથી ગરીસ ખાતે અસંતોશની આગ સલગાવવા માટે અને જયારે લાયકતકમલે ત્યારે બળવો ઉઠાવવા તઈયારથઈ રેહવાને સમજાવવા માટે આડતયાઓ મોકલી આપવામાં આવયા હતા; આ લોકની બુરી મતલબ પાર પડે એવી દરેક વકી હતી, તેમના તરફથી એવું બહાનું બતાવવામાં આવતું હતું કે કાંઈ સદીઓથી તેમના દેશમાં અંધેર કારભાર ચાલવાથી તેઓ જુલમથી પીડાતા હતા, તેમના ફળદરૂપ અને સુંદર દેશની આવક ગુમાઈ જતી હતી, તેનો ગેર ઉપયોગ કરવામાં આવતો હતો, અને આગલા જમાનામા જે આબાદાની ચાલતી હતી, તેને બદલે અંધેર અને લુટ ફાટ ચાલુ થઈ હતી. એમા તો કાંઈ પણ શક નથી કે એક ગરીક એક તુર

કીને ચાહતો હતો નહી; તે એમ સમજતો હતો કે તુરકી કરતાં ફક્ત અકલમાં તે ચહડયાતો છે; વલી તેના મનમાં એવો પણ ફાંકો રાખતો હતો કે આગલા જમાનામાં આખા યુરોપમા તેની પ્રજા ઘણીજ બાહોશ, વીદવાન, હુનરમંદ અને બીજી પ્રજાને ઢડો લેવા લાયક રીતભાતો શીખવનારી હતી; હજી પણ તેના મનમા દંત કથાની તેની કીરતીની વાત યાદ આવયા કરતી હતી; પણ આ વાત તો ભૂલી જતો હતો કે ખુદ કોનસટનટીનોપલમાં તેના જાતવાલાઓ બાહોસ પ્રધાન તરીકે ગણાતા હતા અને તુરકીના રાજમા મોટા અને જોખમદાર ઓહ્દા ભોગવતા હતા; ગરીસની પ્રજાની પડતી આવી હતી પણ તેનો નાશ થઈ ગયો હતો નહી; હજી પણ એક દેશ તરીકે તે હસતી ભોગવતું હતું; તેની ચાલચલણ, તવારીખ અને ભાશા જુદીજ હતી; ગરીસના મુલકમા આવી ને બીજી જાતો ભેલાઈ ગઈ હતી તો પણ એક પ્રજા તરીકેના તેના ગુણો હમેશા જલવાઈ રહયા હતા અને પોતાના અસલી ખવાસ ઉપર જઈને સ્વતંત્ર થવા માટે જો તે કોશેશ કરે તો તેમા આશચરય પામવાનું કાંઈ કારણ નથી. ગરીસની પ્રજાને માટે એમ કહેવામા આવે છે કે, "તેને જુદો રહેવાને હક છે કેમકે કુદરત, હુનર અને તવારીખે તેને આસપાસની વસતીથી અલગ રહેવાને ખુલી રીતે બતાવી આપેલું છે, ત્યારે જો આ સદીની શરૂઆતમાં તેણે સ્વતંત્ર થવા માટે કોશેશ કરી હોય તો તે, તેમના ખરા અંતકરણનો ઉભરો હોવો જોઈએ. ગરીસનો મુલક ઘણો ફળદરૂપ છે અને તેની પ્રજાનો બાંધો ઘણો મજબુત છે તો પણ કુસંપે ઘર ઘાલીને તેમને જુદા પાડી નાખયા હતા અને કુસંપથી જે ગુમાવી બેઠેલા તે, સંપથી તેઓ મેલવી પણ શકે; તુરકીઓએ બીજી પ્રજાને લડાઈમાં હરાવીને ફતેહ કરી હતી તેમ આ પ્રજાના સંબંધમાં હતું નહી; તેઓની સંખયા નાની હતી તેમા તેમને ફતેહ કરવામા આવયા હતા નહી; પણ અસલી અરસ પરસની અદેખાઈના ગરીક સ્વભાવે એ પ્રાંતના કેટલાક રાજાઓને એટલા બધા નબલા કરી નાખયા હતા કે, તુરકીઓ માટે તેમના દેશમ

દાખલ થવાના દરવાજા ખુલા થયા હતા. ફ્રાનસના મોટા બળવા એ જયારે આખા યુરોપમા ગભરાટ ફેલાવી દીધો હતો તે વખતે, અને માણસો વીચાર કરતાંજ રહી ગયા હતા તે વખતે, ગરીકાના મનમાં કુદરતી રીતે તે વીચાર દાખલ થયો હતો અને તુરકીના રાજની સામે બળવો ઉઠાવવાની શરૂઆત કીધી હતી.

ગરીસના ઉઠેલા આ બળવાને હાલના જમાનામા એક અગતનો ભાગ સમજીને આખા યુરોપમા હરખથી તેને વધાવી લીધો હતો; વલી એમ પણ માનવામાં આવતું હતું કે તવારીખમાં પ્રખ્યાત થયલા આ જુનાં દેશનો સીતારો હવે બુલંદીએ ચઢશે; ગરીકાની પડતી દશા એટલા ઉપરથી આવી હતી કે તેમને કોઈએ આગલ પાડયા હતા નહી અને તેઓ જો એક વખત પોતાનું છુટાપણું મેલવે તો આગલની માફક પોતાની અકલથી દુનયાની પ્રજાને પ્રકાશીત કરી શકશે; પણ આ વીચાર હવામા કીલા બાંધવા જેવો હતો; પણ જે ભુલ કરવામાં આવતી હતી તે શુધ બુધીથી કરવામાં આવતી હોવાથી તે માટે દરગુજર થઈ શકે એમ હતું. સઘળા સુધરેલા વીચારના અને બાહોસ માણસો ગરીસની તરફેણમા દીલસોજી બતાવતા હત; અને તેમ બતાવે એ કુદરતી હતું, કેમકે યુરોપમા વીદયાનો જે આટલો બધો વધારો થઈ ગયો હતો તે ગરીસને લીધે હતો. ઘણાઓ એમ સમજતા હતા કે ગરીક પ્રજા જુલમથી પીડાય છે અને હીમતથી તે જુલમની ઝુસડીમાંથી છુટવા માટે તે કોશેશ કરે છે ઉપરથી દયાની લાગણી તેના તરફ બતાવતા હતા. ઈટલીને, આસતરયા અને નેપોલયનના જુલમમાથી છોડવવા માટે વીકટર ઈમાનયુળ અને પેલો શુરો પહેલવાન ગારીબાલદી જે લડત ચલાવતા હતા તે વખતે, ગરીસના બળવા વખતે જેટલી લાગણી ઈંગલંડમા અને યુરોપના બીજા દેશો ખાતે ઉસકેરાઈ હતી તેવી ઉસકેરાઈ હતી નહી; બળવાખોરોના કામમા મદદ કરવા માટે નવરા નકામા માણસો મોટી સંખયામા ગરીસમા ઉતરી પડયા હતા; ઘણા બાહોસ લખનારાઓએ પોતાના લખાણથી ગરીસના બળવાને ટેકો આપયો હતો. આરમીનયા અને બીજા ખ્રીરી

સ્તીઓની તરફથી મી૰ ગલાડસ્ટન જે પ્રમાણે ઇંગલંડની સરકાર અને તુરકીની સરકાર તથા પ્રજા સામે ધુંઆરો ચલાવતો આવે છે તેજ પ્રમાણે ગરીસના બળવા વખતે મી૰ શેલીએ ચલાવયો હતો અને તેમ કરતાં ટીકા કરી હતી કે "અંગરેજ સરકાર જયારે એક તરફથી પોતાની મતલબ પાર પાડવા માટે તુરકીની સરકાર જેવી ખ્રીસ્તીઓની દુશમેન સરકાર સાથે દોસતી રાખે છે. રૂશયા ગરીસને છુટું કરવા માગતું નથી પણ તેને પોતાના રાજ સાથે જોડી નાખવા ચાહે છે અને તેના કુદરતી દુસમેનને જોઈને તે ફકત સંતોશ પકડે છે; અને ગરીકની પ્રજા જેને તે પોતાના ગુલામો બનાવવા ધારે છે, તેઓ બંને લડીને નબળા પડવાની તે વાટ જુએ છે કે પછી વખત આવે ત્યારે પોતાની ધારેલી મતલબ કહાડી લે, ઈંગલંડે ડહાપણ ભરેલી અને સખી દીલની રાજનીતી ચલાવીને ગરીસને સ્વતંત્ર કરવા અને રૂશયા તથા તુરકીના બંનેના પંજામાથી બચાવી લેવું જોઈએ." ઈંગલંડનો પ્રખ્યાત કવી લારડ બાઈરન ગરીકોના ઉપર ફીદા હતો તે સને ૧૮૨૩મા પોતે જાતે તેમને મદદ કરવા ગયો હતો અને સને ૧૮૨૪મા ત્યાંજ તાવથી તે મરણ પામ્યો હતો.

કેટલાંક વરસ સુધી છુટાપણું મેલવવાની આ લડાઈ અજાયબ તરાહની ઊલટથી ચલાવવામા આવી હતી; જમીન અને દરયા મારગે ગરીકોએ પોતાના આગલા વખતની પેહલવાનની હીમત બતાવી હતી અને ગરીક કાફલાના કાનસટનટાઈન કેનેરીસ નામના એક અમલદારે લડાઈમા અસાધારણ હીમત બતાવી હતી; પણ બીજા હાથ ઉપર તુરકીઓએ પણ પોતાની જેવી તેવી હીમત બતાવી હતી નહી; અને સને ૧૮૨૨ના એપ્રીલ માસની તા. ૧૧ મીએ જયારે ચીઆસ ફતેહ કરી લીધું તે વખતે તેઓ પોતાના ગુસ્સાને દાબી શકયા હતા નહી અને ત્યાંના લોકોની જબરી કતલ ચલાવી હતી. ગરીકો પણ કાંઈ ફરેસ્તા ખસલતના નહી હતા; તેઓએ પોતાના વચનનો ભંગ કરીને નીરદોશ માણસોના ઉપર

જુલમ ગુજારીને પોતાના કામને ધોકો પોહોંચાડી દીધો હતો અને બંને બાજુ તરફથી પુરતા જોસ્સા અને કડવાસની સાથે લડાઈ ચાલુ રાખવામા આવી હતી; તો પણ તુરકી લશકરે ધારવા જેટલો વધારો કીધો હતો નહી; જેથી સને ૧૮૨૪મા સુલતાને મીસરના પાશા મહમદઅલીને એવી અરજ કરી હતી કે તેણે પોતાના દતક કરી લીધેલા દીકરા ઈબરાઈમને મોરયાનો પ્રાંત ફતેહ કરી લેવા માટે મોકલી આપવો અને તેમા એવી શરત કરવામા આવી હતી કે જો તે ફતેહ કરી લેસે તો તેનો પાશા તેને નેમવામા આવસે; આ સરત કબુલ રાખવામાં આવી હતી અને ઈબરાહીમ પાશા સને ૧૮૨૫ના ફેબરવારી માસની તા. ૨૪ મીએ ગરીસમા ઉત રયો હતો. ગરીકો આ વખતે માહો માહેના કુસંપ અને સરદારોની હરીફાઇને લીધે મતફેર પડી ગયા હતા જે ઉપરથી ઈબરાહીમ પાશા જેવો એક સુરો સરદાર લશકર સાથે ત્યાં જઈ પોહોચયો જે ઉપરથી પાસું ફેરવાઈ ગયું હતું. ગરીસના બાળ્ય ખુણા તરફ રશીદ પાશાએ ઘણો વધારો કીધો હતો અને મીસોલોનગી ખાતે તેમને કેટલોક વખત સુધી અટકાવ મલયો હતો તો પણ સને ૧૮૨૬ અને ૧૮૨૭મા તુરકી લશકરે મોટી ફતેહ મેલવી હતી; પોતાની આટલી બધી હાર છતાં ગરીકોએ પોતાની આશા છોડી દીધી હતી નહી. આ વખતે પરદેશથી ઘણા વાલનટ્યુરો ગરીસમા મદદ માટે આવયા હતા તેમા ઘણાતો ઈંગલંડથી પણ ગયા હતા; લારડ કોકરન જે એક નામાકીત અંગરેજ દરયાઈ અમલદાર હતો તેણે, સર રીચરડ ચરચ, જનરલ ગારડન, અને કેપ્ટન ફરાનક હેસટીંગસે ગરીકાની ઘણી કીમતી સેવા બજાવી હતી; અને મીં૦ નેલાની જે બાઈરન અને શેલી જેવા નરોનો મીત્ર હતો તે બળવાખોરોની સાથે* સામેલ થઈને લડયો હતો; તો પણ આ સઘળા બ્રીટીશ અમલદારોની અકલ, હુશીયારી અને બહાદુરી કાર ગત લાગી હતી નહી; કેમકે તુરકીઓની ફતેહ ચાલુજ રહી હતી અને જણાઈ આવયું હતું કે થોડા વખતમા ગરીસના ઉપર તુરકી સતા પાછી ચાલુ થઈ જશે.

પણ ગરીસના બળવાખોરો તરફથી યુરોપમા જે દીલસોજી ઉસકેરાઈ હતી તે, હવે વધારે સંગીન રૂપ પકડવા લાગી હતી; કેવી રીતે વચે પડવું તે માટે સને ૧૮૨૩મા રૂશયાએ કેટલાક વીચારો જણાવયા હતા; પણ ગરીસને તે સંતોશ કારક નહી લાગવાથી, બાહેરની કોઈની પણ મદદ વગર લડાઈ આગલ ચલાવવામા આવી હતી. સને ૧૮૨૪ના નવેમબર માસની તા. ૪થીએ ગરીસે બ્રીટીશ સરકારને અરજ કરી હતી અને તે વખતના પેલા છટાદાર ભાશણ કરતા જયારજ કેનીંગ જે પરદેશ ખાતાનો પ્રધાન હતો તેણે આ અરજ કબુલ રાખીને ગ્રીસને ખાતરી આપી હતી કે ઈંગલંડ તેમની અને સુલતાનની વચમા પડીને જે ફડચો થાય તેનો અમલ થાય છે કે નહી તે માટે જામીનગીરી આપવાને ખુશી થશે. આ ઉપરથી સને ૧૮૨૫ના આગસટ માસમા ગરીસે પોતાને ઈંગલંડના રક્ષણ હેઠલ મુકયું અને સને ૧૮૨૬માં સ્ટમબોલ ખાતેના બ્રીટીશ એલચીને એવી સતા આપી હતી કે તેણે એવી સરતે તુરકીની સરકાર સાછે સુલેહના સંદેસા ચલાવવા કે ગરીસને સુલતાનના વડપણ હેઠલ સ્થાનીક સ્વરાજયનો હક બક્ષવો અને ગરીસે સુલતાનને દર વરસે ખંડણી આપવી. પણ આ વખતે કાંઈ પણ નકી ઠરાવ કરવામા આવયો હતો નહી; પણ જયારજ કેનીંગ જે પરદેશ ખાતાનો પ્રધાન હતો અને જે ગરીસની પ્રજા તરફ ઘણી દીલસોજી ધરાવતો હતો તે, સને ૧૮૨૭મા ઈંગલંડના વડા પ્રધાનના ઓધા ઉપર આવયો હતો તે પછી તરતજ તા૦ ૬ઠી જુલાઈએ લંડન ખાતે ઈંગલંડ, ફરાનસ અને રૂશયા વચે એક કોલકરાર ઉપર સહી થઈ હતી જેમા એવો ઠરાવ કરવામાં આવયો હતો કે, સુલેહ કરાવવાનું બની આવે એટલા માટે તુરકીની સરકાર અને ગરીકના બળવાખોરોની વચમા ચાલતી લડાઈમાં વચે પડવું અને જો તેઓ નહી સમજે તો હથીયારથી વચમા પડવું. સુલતાન માહમુદે પોતાની ફતેહના ઉપર મુસતાક રહીને ઉપલા રાજાની વચમા પડવાની માગણી તેમજ ગરીસને ખંડયું રાજ બનાવવાની દરખાસ્તોને તુછકારી કાહાડી. એક રીતે જોતા સુલતાનનો આમા કશુર

કાહાડી શકાય એમ હતું નહી; ગરીકાએ તેમની સતાની સામે બળવો ઉઠાવયો હતો; અને કેટલાક વરસ સુધી પુરતી ઉલટ સાથે લડત ચલાવયા પછી તેઓ છેકજ નબળા પડી ગયા હતા; બળવો ઉઠાવવાની આગમજ જે હકો બક્ષવાની માગણી કરવામા આવી હતી તે આપવાને જયારે તેજ લખને તુરકીની સરકારે ના પાડી હતી, ત્યારે બળવાખોરોએ સદંતર હાર ખાધા પછી તેજ માગણી ફરીથી કરવામા આવે તે, તુરકીની સરકાર કોઈ દીવસ પણ કબુલ રાખી શકે નહી; તુરકીની સરકારની જેવી હાલત હતી તેવીજ હાલત રૂશયાની સરકારની હોયં તો તે કેવી રીતે વરતે તેનો આપણે સેલથી ખયાલ કરી લેવો જોઈએ, આ ઉપરથી સમજી લેવાનું છે કે જેવો રૂશયાનો હક હોય તેવોજ તુરકીનો પણ હોવો જોઈએ; પણ ત્રણે એકસંપ રાજો (ઈંગલંડ ફરાંસ અને રૂશયા) એ વધું અથવા ઓછે દરજે ગરીસને છુટાપણું અપાવવાનો ઠરાવ કીધો હતો અને તેમની મનવારો ઉપર લડાઈમા ઉતરવા માટેની તઈયારીઓ ચાલી રહી હતી.

તુરકી અને મીસરના કાફલા આ વખતે મોરયાની પશ્ચીમ તરફના કીનારા ઉપર નેવેરીનોના ઉપસાગરમા પડેલા હતા; અને આ ઠેકાણે સને ૧૮૨૭ના અકટોબર માસની તા૦ ૨૦મીએ એક તરફ તુરકી અને મીસરના કાફલા અને બીજી તરફ ઈંગલંડ, ફરાંસ અને રૂશયાની કાફલાના વચે લડાઈ ચાલી હતી; આ ત્રણે રાજોના કાફલાની સરદારી અંગરેજ એડમીરલ સર એડવરડ કાડ રીંગટનના હાથમા હતી અને તણે ભારે ખવારી સાથે તુરકી કાફલાને હાર ખવાડી હતી જેમા સુલતાનની ૩૦થી વધુ મનવારોનો નાશ થઈ ગયો હતો; જેમાની કેટલીક તો ખુદ તુરકીઓએ પોતે ઉરાડી નાખી હતી. આ ઠેકાણે આ વાત ધયાનમા રાખવાની છે કે, બે રાજ વચે જો લડાઈ થવાની ખબર હોય તો તે માટે આગમચથી એક બીજાને ખબર આપવામા આવે છે; પણ નેવેરીનોની આ મખયાત લડાઈમા તેવી રીતે લડાઈ જાહેર કરવાની આગમચથી ખબર આપવામા આવી હતી નહી અને તે વાત ઈંગલંડ

ફ્રાંસ અને રૂશયાને નામોશી લગાડનારી હતી; એ પછી લડાઈ બંધ રાખવા માટે ગરીસ અને તુરકીની વચે ઉપલક કોલકરાર થયા હતા, પણ શરમ ભરેલી રીતે ગરીસે તે કોલકરારનો ભંગ કીધો હતો અને પોતાના અંગરેજ મીત્ર કેપટન હેસટીંગસને સેલોના ઉપર ચહડાઈ લઈને મોકલી આપયો હતો; ઈબરાહીમ પાશાએ જયારે હેસટીંગસની સામે કાફલો મોકલી આપયો હતો ત્યારે કાડરીંગટને તે ત્યાંથી પાછો હાંકી કહાડયો હતો; ઈબરાહીમે આ ઉપરથી મોરયામા પાછી લડત ચલાવવા માડી હતી; ત્રણ રાજે આથી અધીરા પડી ગયાં હતાં. નેવેરીનોની લડાઈને માટે આપણને જણાવવામા આવે છે કે, સુલેહની શરત નકી કરવા માટે જે અંગરેજ અમલદાર અને ગરીક પાઈલટને મોકલી આપયા હતા તેમના ઉપર તુરકીઓએ બાર કરીને આ લડાઈની છેડતી શોધી હતી; પણ ત્રણે રાજેના કાફલા તો લડવા માટેની સઘલી તઈયારી કરીને ત્યાં ગોઠવાઈ રહેલાજ હતા, અને આ વાત કોઈથી પણ ના પડાસે નહી કે ઉપલી ત્રણ પ્રજા (ફરેંચ રૂશયા અને અંગરેજ)ના પ્રતીનીધીઓએ આ વખતે જે ચાલ ચલાવી હતી તે, જે રાજની સાથે તેમને સલાહ હતી તેના ઉપર હોમલો કરીને દેશ પરદેશના કાયદાનો સરવેથી ગંભીરમા ગંભીર પ્રકારનો ભંગ કીધો હતો; એક તરફથી નેવેરીનો કીલ્લો અને સ્થાકટેરયાના તોપખાના વચે જે લડાઈ ચાલી હતી તેમાં દરયાઈ ખાતાના અમલદારોએ બતાવેલી બાહાદુરીથી મોટામા મોટી ફતેહ મલી હતી; પણ ઈંગલંડમાં આ ફતેહની ખબરથી જેટલી ખુશી બતાવવી જોઈએ એટલી બતવવામા આવી હતી નહી. ડયુક આફ વેલીંગટને તુરકી કાફલાના આવી રીતે કરવામા આવેલા નાશને એક "બેશરમ બનાવ" તરીકે વખોડી કહાડયો હતો; બીજાઓ વલી એવો અભીપ્રાય ધરાવતા હતા કે તુરકી સતા ઘટવાથી રૂશયાની સતા વધવાની. અમેરીકાના યુનાઈટેડ સ્ટેટસના પ્રેસીડંટ તરીકે જનરલ જેકસન જયારે એવા ઉપર હતો તે વખતે વાશીંગટન ખાતેના બ્રીટીશ એલચી સાથે વાત

ચીત કરતાં એવી ટીકા કરી હતી કે "રૂશયાને વધારવામા ઈંગલંડ અને ફ્રાંસે ખરાબ રાજનીતીનો ઊપયોગ કીધો છે અને નેવેરીનો ખાતે તેને મદદ કરવા માટે તેમને કોઈ વખતે લોહીના આંસું પાડવાં પડસે;" આ આગમચેતી કરીમયાની લડાઈ વખતે ખરી પડી હતી એમ વાજબી રીતે કહી શકાય. સને ૧૮૨૮મા બ્રીટીશ પારલામેંટ ખોલતી વખતે, તાજ તરફથી ભાશણ કરતી વખતે રાજાએ પણ એ વીશે ઈશારો કીધો હતો; આ વખતે ઈંગલંડના વડા પ્રધાનના ઓધા ઉપર ડ્યુક આફ વેલીંગટન હતો. નેવેરીનોની લડાઈ (જો તેને લડાઈ કહીએ તો) પછી ઈંગલંડ અને રૂશયા તેમાથી તરતજ નીકલી ગયા હતા પણ ફ્રાંસે પોતાનું લશકર ઉતારીને સને ૧૮૨૮ના સપટેમબર માસમા મોરીયા ખાલી કરી જવાની ઈબરાહીમ પાશાને ફરજ પાડી હતી.

ગરીસમા જયારે આવી રીતે લડાઈ ચાલતી હતી તે વખતે સુલતાન ખુદ પોતાના દેશના અંદર સુધારા દાખલ કરવાના કામ પાછલ મંડયા હતા અને તેમાના કેટલાક અગરજો તેમની પ્રજાને પસંદ પડતા નહી હતા તો પણ તેની દરકાર કરવામા આવી હતી નહી; પોતાના દેશમાં યુરોપના જેવા સુધારા દાખલ કરીને કેળવણી વીગેરેનો પ્રસારો કરવાનો વીચાર હતો; સરવેથી પેહેલાં તો યુરોપયન પોશાક દાખલ કીધો હતો અને સાધારણ રીતે માથા ઊપર પાધડી પેહરવી એ મુસલમાનો માન ભરેલું સમજતા હોવાથી તેનો ત્યાગ કરી નાખયો હતો;અને મેહુલના પવીત્ર મકાનમા નાટક અને નાચરંગના તમાસાઓ શરૂ કરાવયા હતા; લશકરમા સુધારા કરવાને પોતાના કાકા સુલતાન સલીમે જે યોજના ઘડી કાહાડી હતી તે ફરીથી દાખલ કરવાનો યુરોપયન ઢબ ઊપર નીઝામ જદીદ નામનું લશકર ઉભું કરવાનો પોતે ઠરાવ કીધો હતો; આ છેલા ઠરાવની ખબર પડવાથી ઝાનીસરીઓનો ગુસો પાછો ઉભરાઈ આવયો હતો. સુલતાન અને વડા વઝીર જે વખતે બાહેર ગામ ગયલા હતા તે વખતે સને ૧૮૨૬ ના જુન માસની તા. ૨૬ મીએ ઝાનીસરીઓએ બળવો ઉઠાવયો હતો અને લોકોની ઉપર ઘણો

જુલ્મ ગુજારયો હતો. વડો વઝીર આ ખબર સાંભળીને તરતજ શેહેરમાં દોડી આવ્યો ત્યારે નવાજ લશકરે નહી પણ ઉલમા અને સઘલા વીદયારથીઓએ તેના કામને ટેકો આપયો. સુલતાન મહમુદને ઝાનીસરીઓએ ઊઠાવેલા બળવાની ખબર પડવાથી તે પેણ ઝડપમાં દોડી આવયો અને મુફ્તીને ઝુનડો ખુલો કરવાનો હુકમ આપીને, સઘળા મુસલમાનોને તેના પક્ષમાં રેહેવાનો હુકમ કીધો. આથી લશકર બે હરીફ પક્ષોમાં વેહેંચાઈ ગયું. ઝાનીસરીઓએ સરવેથી એક મોટા મેદાનમાં લશકર એકઠું કીધું અને બચાવની હાલતમાં ઉભા; સુલતાનના પક્ષવાલા તેમની સામે આવીને એકઠા થયા અને તોપનો મારો ચલાવવા માડયો જેથી ઝાનીસરીઓ પોતાની બરાકોમાં જઈને ભરાયા, અને ત્યાંથી જીવ પર આવીને લડયા; એટલામા મોટી તોપોમાથી મારો ચલાવવામાં આવયો, બલતા કાકડાઓ તેમની બરાકના છાપરા ઊપર ફેંકવામાં આવયા જે ઉપરથી તેમના મકાનમાં એક નાકાથી તે બીજા નાકા સુધી આગ સલગી ઉઠી; આગના બળતાની અંદર પણ આ ભયંકર લડાઇ ચાલી રહી હતી; જેઓ બચવાની કોશેશ કરતા હતા તેમને તરતજ ગોલીથી વીંધી નાખવામાં આવતા હતા અને સવાર પડતામા ૬૦૦૦ ઝાનીસરીઓ પોતાના જાત ભાઇઓને હાથે મારયા ગયા હતા. જે પંદર હજાર ઝાનીસરીઓએ બળવામાં ભાગ લીધો હતો નહી તેમને એશયા માઈનરના જુદા જુદા ભાગો ખાતે દેશ નીકાલ કરવામાં આવયા હતા અને બીજે દીવસે એક બાદશાહી ફરમાન કાહાડીને, જે ફોજે અત્યાર સુધીમા તુરકીની જાહોઝલાલી આખી દુનયામાં વધારી દીધી હતી, તે ફોજને બરતરફ કરવાનો હુકમ બાહેર પાડવામાં આવયો હતો.

એજ વરસમાં એટલે સને ૧૮૨૬ મા, સરવ્યા, ડાન્યુબના પ્રાંતો અને બલાક સી (કાળા સમુદર)મા બારકસો ફેરવવા માટેના સવાલનો પુરતી રીતે ફડચો કરવા માટે રૂશયાની સરકારે તુરકીની સરકાર ઉપર વધારે મજબુતીથી દબાણ કીધું હતું. કેટલાક સંદેસા ચાલ્યા પછી સને ૧૮૨૬ ની તા. ૬ઠી અકટોબરે બેસ અરેબ્યામ

અકરામના કાલકરાર થયા હતા. આ કાલકરારથી સને ૧૮૧૨ મા થયલા બુકારસ્ટના કાલકરાર બાહાલ રાખવામાં આવયા હતા અને તેમા બીજા કેટલાક નવાને એવી તો સફાઇ સાથે ઊમેરો કરવામાં આવ્યો હતો કે જેથી તુરકીનું સ્વતંત્રપણું ભાગી પડે અને પોતાના મોટા હરીફની દયા ઉપર આવી પડે; તેમા એવો ઠરાવ કરવામા આવયો હતો કે, ડારડનલસ અને બલાકસી રૂશયાના વેપારી બારકસો માટે ખુલાં મુકવાં અને એ સમુદરની પુરવ કીનારે આવેલા કાઈ પણ કીલો ફરીથી પોતાના કબજામાં લેવા માટે તુરકીની સરકારે કોશેશ કરવી નહી." સરબ્યા અને ડાન્યુબના બીજા પ્રાંતોને સ્વતંત્ર રાખવામાં આવ્યાં હતાં પણ વચે પડવા માટે રૂશયાએ તેમાં પોતાનો ચોકસ હક રાખયો હતો; વળી આગલાં વરસોમાં તુરકીની સરકારે વેપારના સામે જે બંધી મેલી હતી તેમાં જે રૂશયન વેપારીઓને નુકશાન ગયું હોય તો તે ભરી આપવા માટે તુરકીની સરકારે કબુલાત આપી હતી.

ગરીસને સ્વતંત્ર કરવાનુ કામ હવે બરાબર રીતે સંપુરણ થયું હતું પણ જાહેર રીતે તે કબુલ રાખવામા આવયુ હતું નહી. નેવેરીનો ખાતે પોતાના કાફલાના ઉપર જે ગેરવાજબી રીતે હોમલો કરવામા આવયો હતો તેથી સુલતાન મોહમુદને ઘણો ગુસ્સો ઉપજયો હતો; અને ગરીસને મદદ કરવા નીકલેલા ત્રણે એકસંપ રાજોની માગણી કબુલ રાખવાને હવે આનાકાની કરવા માંડી અને ત્રણે રાજોને વચે નહી પડવા દેવાનો તેણે ઠરાવ કરી રાખયો હતો તેમજ ખરેખર ગરીસ સ્વતંત્ર છે એમ કબુલ રાખવાને પણ નાપાડી હતી. પોતાના આ ઠરાવમાં રાજસભા અને આખી પ્રજાએ ટેકો આપયો હતો. લડાઈ જાગશે એમ તો ખાત્રી સાથે માનવામાં આવતું હતું અને જે લોકોમાં લડવાની શકતી હોય તેમને હથયાર લઈ બાહેર પડવાનો સુલતાને હુકમ કીધો હતો; સને ૧૮૨૭ ની આખેરીએ પોતાની પ્રજા વચે એક જાહેરનામુ બાહેર પાડીને તેમાં વાજબી રીતે ટીકા કરી હતી કે "લગભગ ૬૦ વરસથી રૂશયા તેમની સાથે હમેશાં લડાઈ કરવાની તકો શોધતું આવે છે; તેણે ગરી

સના લોકોને બળવો કરવા માટે અગર જો ખુલી રીતે ઉશ્કેર્યા નથી તો પણ તેણે તેમને ઉતેજન આપયું છે અને મદદ કરી છે અને તુરકીઓ જયારે મુશ્કેલીમા પડેલા હતા ત્યારે તેમની પાસેથી તેણે ઈનકરમેનના નુંકશાનકારક કોલકરાર કરાવી લીધા છે કે જે કોલકરાર હવે ખુલી રીતે સુલતાન કબુલ રાખતા નથી; તેની સેતટની નેમ બીજી કાંઈ નહી પણ ઈસલામનો નાશ કરી નાખવાની છે. આપણને કોઈ એક પ્રાંત માટે અથવા સરહદ માટે લડવાનું નથી પણ આપણા ધરમને માટે લડવાનું છે; માટે દરેક ઈસલામીએ હથીયાર લઈને મેદાન પડવું અને પોતાના તન મન અને ધનથી ઈસલામના બચાવ માટે આ પવીત્ર લડાઈમાં જાનફેશાની કરવી."

સુલતાન માહમુદે આ જાહેરનામું કાહાડવાનો જે ઠરાવ કીધો હતો તે બેશક વાજબી હતો અને તેની પ્રજાને પસંદ પડે એવો હતો; પણ તે અનુકુલ પડતો હતો નહી; થોડાં અડવાડયાની વાત ઉપર ત્રણે એકસંપ રાજેએ તેના કાફલાના મોટા ભાગનો નાશ કીધો હતો; આગલા વરસમાં ખુદ સુલતાને પોતાના સરવેથી સરસમાં સરસ અને બાહાદુર લશકર (જાનીસરીઓ)નો નાશ કીધો હતો; રાજની નાણાં સંબંધી હાલત હાલહવાલ હતી. આખા રાજમાં ખટપટ ચાલી રહી હતી આ ઉપરથી એક મોટી લડાઈમાં ઉતરવાને જેવી લાયક તક અને જોગવાઈ જોઈએ તેવી તક અને જોગવાઈ આ વખતે તુરકીના હાથમાં હતી નહી. નવી રીત મુજબ જે માણસોએ લશકરી તાલીમ લીધી હતી તેમની સંખયા લગભગ ઍંશી હજારની હતી, આમા એશયાના એક લાખ ઘોડેસ્વારોનો ઉમેરો કરતાં પણ તેઓ યુરોપના કવાયદ પામેલાં લશકરની બરાબરી કરી શકે નહી. જો ખુદ કાનસટનટીનોપલમાં કોઈ જાતના બળવા ઉઠે તો તે બેસાડી દેવા માટે ત્યાં ૩૦,૦૦૦ કવાયદવાલા લશકરને રાખવાની જરૂર પડે; પણ સરકારને તો ડાનયુબના ઉપર આવેલા કીલાઓના બચાવ માટે ૨૫૦૦૦ અને લડાઈના મેદાનમાં લઈ જવા માટે ૩૦૦૦૦ થી પણ વધુ માણસો મલી શકયાં

નહી. અને તેમની પાસે પુરતા અને સરસ હથીયારો વટીક હતાં નહી; એથી ઊલટું સને ૧૮૨૮માં જ્યારે લડાઈ જાગી ત્યારે રૂશયા એક લાખ માણસનું લશકર એકદમ મેદાનમા લાવવાને શકતીવાન થયું હતું અને બીજે વરસે તેમાં વધારો થયો હતો; વલી નેવેરીનોની લડાઈમાથી બચી આવેલી મનવારોં સીવાય તુરકીની પાસે બીજી ફાલતું મનવારો હતી નહી ત્યારે રૂશયાની ભુમધ્ય સમુદ્રમા ૧૬ અને બાલાકસીમા ૧૧ મનવારો ઉપરાંત બીજા નાના બારકસો હતાં તે તો જુદાં.

આટલી બધી અગવડોં છતાં તુરકીઓ અજાયબ તરાહની બહાદુરીથી લડાઈ ચલાવતા હતા અને તેમાં તેમને ફતેહ પણ મલી હતી. ડાનયુબ નદીના ઉપર આવેલા ઈબરેઈલાનો તેઓએ ૪૪ દીવસ સુધી બહાદુરીથી બચાવ કીધો હતો; શેવટની ઘડી સુધી શુમલા રૂશયાના હોમલા સામે તકી રહયુ હતું; પેહેલી ચહડાઈમા સીલીસત્રયા ખાતે રૂશયાના ઝારના લશકરની હાર થઈ હતી અને સને ૧૮૨૯મા તે શેહેર લેવામા તેમને ઘણી મુશીબત નડી હતી. વારનાનો પણ એવીજ એક સરખી હીમત અને બાહાદુરીથી બચાવ કરવામા આવયો હતો અને જો યુસુફ પાશા દગો નહી રમયો હતે અને ઉમર વીરોનીએ ગફલતી નહી કરી હતે તો એ શેહેર કદી પણ રૂશયાના હાથમા જતે નહી; વલી બીજી વાત એ પણ ધીઆનમા રાખવાની છે કે તુરકીઓ ગમે એટલી બહાદુરી બતાવે પણ રૂશયાના ગંજાવર લશકરની સાથે સેવટે તેઓથી બરાબરી થઈ શકે નહી. સને ૧૮૨૯ની બીજી વખતની ચહડાઈ સામટી રીતે લેતાં રૂશયાની તરફેણમા ઉતરી હતી. યુરોપમા ફીલડ-મારશલ ડીબીટશચ બાલકન ઉપર વધી ગયો હતો અને તા.૨૦મી આગસટે એડરયાનોપલ લઈ લીધું હતું ત્યારે એશયામા ફીલડ-મારશલ પાસકેવીસીચ જેણે આગલા વરસમા કારસ, અખાલટસીખ, અનાપા અને પોતી ફતેહ કરી લીધાં હતાં તેણે આ વખતે અરઝરૂમ ફતેહ કરી લીધું હતું. રૂશયાના ઝાર નીકલસે પોતાની ધારેલી નેમમાં ફતેહ મેલવી હતી; પણ તેમા તેણે નીચ ચુંકતી વાપરી

હતી કેમકે જે કીલા તે કોઈ દીવસ મેલવી શકતે નહી તે કીલાના તુરકી હાકમોને લાંચ આપીને તેણે ફોડી નાખ્યા હતા; પણ આ ફતેહ તેને ઘણી મોંઘી પડી ગઈ હતી. કાઊનટ મોલકટ જે એક જવાન માણસ તરીકે આ ચહડાઈ વખતે રૂશયાના લશકરની સાથે હતો અને જેણે પાછળથી એ લડાઈ વીશે પુસતક બાહેર પાડયું હતું તે પોતાના પુસતકમા ટીકા કરે છે કે "એડરયાનોપલના દરવાજા આગળ પોહોંચતાં રૂશયાને દસ કરોડ રબલ ખરચવા પડયા હતા અને પચાસ હજાર માણસનો ભોગ આપવો પડયો હતો. ફકત વીસ હજાર માણસની નજીવી ફોજ સાથે ડીબેસટચ યુરોપયન તુરકીના બીજા શેહેરમા દાખલ થવા પામયો હતો; પણ તુરકીઓએ જો આ વખતે ધીરજ રાખીને હીમત બતાવી હતે તો આ લડાઈ વધુ વખત સુધી લંબાતે."

એ વાત સારી રીતે જણાયલી હતી કે પોતાની કેવી હાલત છે તે માટે રશયન લશકરી અમલદારો વીચારમા પડી ગયા હતા; તેમનાં લશકરની સંખયા ઘણી થોડી હતી; લાંબી મુસાફરી અને વારંવારની લડાઈથી તેના માણસો થાકી ગયાં હતાં; અને આવી હાલતમા તેઓ પોતાના દુશમનના દેશમા હતા; પોતાના હરીફની હાલત કેટલી બધી નબલી અને બતંગ હતી તેનો પુરતો ખેઆલ તુરકીઓને હતો નહી; તેઓ ખુદ પોતે પણ ના હીમત અને નબળાં પડી ગયલા હતા અને તેઓ એમ માનતા હતા કે, કાનસટનટીનોપલમા પરદેશી રાજની સતા બેસે તેનો અટકાવ જેમ બને તેમ જલદીથી સુલેહ થવાથી થઈ શકસે. કાઊનટ મોલકટ જણાવે છે કે "તુરકીઓએ જો જરા વધારે હીમત અને મકપણું બતાવયું હતે તો ડીબેસટચનો પોતાનો અને તેના લશકરનો નાશ થઈ જતે" પણ આવા જોખમમા ઊતરવાનું શકમંદ હોવાથી તેઓએ નાખુતી કરી હતી અને સુલેહ કરાવવા માટે ઈંગલંડ અને બીજાં મોટા રાજોએ માંગણી કરવાથી તુરકીએ તે તરતજ ઊપાડી લીધી હતી અને લડાઈ બંધ રાખી તા૰ ૨૯મી આગસટથી સુલેહના સંદેસા ચાલુ કીધા હતા. રૂશયન સરદાર ઘણો હુશયાર અને ખંદો રાજ

દવારી હોવાથી તેણે પોતાની સરકારને ઘણાજ લાભ કારક નીવડે એવા કોલકરાર કરાવી લીધા હતા; સને ૧૮૨૯ની તા૦ ૧૪મી સપટેમબરે એડરયાનોપલના જે કોલકરાર થયા હતા તેની રૂએ રૂશયાને કાકેસસ તરફ આવેલી ચીલદીર અને કારસની વીલાયતનો કેટલોક ભાગ અને અનાપાનો કીલ્લો મલયો હતો; આ વાત ધીયાનમા રાખવાની છે કે લડાઇ શુરૂ થઈ તેની આગમચ તો રૂશયાએ સાધુનો વેશ લઈને જણાવયું હતું કે તેનો મુલક મેલવવાનો રતીભાર પણ લોભ નથી! તુરકીના સુલતાને ગરીસનું સ્વતંત્રપણું કબુલ રાખયું હતું; વાલેશયા અને માલડેવયાનો જુદો રાજકારોબાર ચલાવવા માટે રૂશયાએ જામીનગીરી આપી હતી; સરવયાને એક ખંડયા રાજ તરીકે કબુલ રાખવામા આવયું હતું; એક કરોડ ડયુંકટની રકમ દંડ તરીકે તુરકીની સરકાર પાસે કઢડાવી હતી; દંડની રકમ પુરે પુરી ભરાઇ રહે ત્યાં સુધી રૂશયાને ડાનયુંબના પ્રાંતો અને શીલીત્રયાનો કબજો રાખવાની પરવાનગી આપી હતી. કોલકરારની રૂએ કાળા સમુદરના પુરવ તરફના કીનારાનો આખો ભાગ તેમા પોતાના બારકસો ફેરવવાની છુટ સાથે રૂશયાને મલવા ઉપરાંત ડાનયુબના મુખય મુખડાંઓનો જે થોડો ભાગ સને ૧૮૧૨ના કોલકરારની રૂએ તેને મલયો હતો તે, હવે હાલના કોલકરારની રૂએ સદનંતર તેના હાથમા આવયો હતો; વલી અધુરામા પૂરૂં તુરકીના આખા પ્રાંતમાં ગરીક ચરચને નામે ઓલખાતા ખરીસ્તી ધરમના પક્ષના રક્ષણ કરતા તરીકે રૂશયાને કબુલ રાખવામા આવયો હતો.

ગરીસને સ્વતંત્રપણું અપાવતા જે લડાઈ ચાલી હતી તેનાં ઉપર જણાવયા પ્રમાણે પરીણામ આવયા હતા; આ પરીણામથી અંગરેજી પ્રજા રાજી થઇ હતી નહી કેમકે સને ૧૮૨૯મા બાઈરન અને શેલીના વખતના જેવા ઉલટના દીવસો સદનતર વહી ગયા હતા; ગરીસને એક સ્વતંત્ર રાજ તરીક કબુલ રાખવાને જયારે તુરકીની સરકારે ના પાડી હતી ત્યારે ઇંગલંડ, તેમજ ફરાનસ અને રૂશયાએ કાનસટનટીનોપલ ખાતેથી પોતાના એલચી

ઓને બોલાવી લીધા હતા; પણ હવે ઈંગલંડની સરકારને એમ જણાયું હતું કે જો રૂશયાના લોભોને વધુ વખત અટકાવવાની જરૂર હોય તો તુરકીની સરકાર તરફ દુશમેની ભરેલી વરતણુંક ચલાવવી જોઈએ નહી; રૂશયાના ઝાર અને તેના પ્રધાનોએ અંગરેજ સરકારને આગલ ઘણી વાર થાપ આપી હતી તેવીજ રીતે આ વખતે પણ આપી હતી. સને ૧૮૨૬ના એપેરીલ મહીનાની ૪ થી તારીખે સેંટપીટરસબરગ ખાતે ગરીસને સ્વતંત્ર રાજ તરીક કબુલ રાખવાના દસ્તાવેજ ઉપર કાઉનટ નેસેલરોડ તથા ડયુંક આફ વેલીંગટને સહી કરી હતી; પણ તેમા એવી એક કલમ નાખી હતી કે "કોઈ પણ રાજે પોતાને માટે અથવા પોતાની પ્રજા માટે જમીન અથવા બેપારી લાભો કે લાગવગ એક સરખી રીતે બીજા રાજોને પણ આપયા વગર મેલવવા નહી." પણ ૭ માસ વીત્યા નહી એટલામાતો રૂશયાએ તુરકી સરકાર પાસથી અકરમનના કોલકરાર કરાવી લીધા હતા જેની રૂએ રૂશયાને એક લાને ઘણા કીમતી ખાસ હકો મલયા હતા; રૂશયાના એકલપેટા લોભોમા વલી એડરયાનોપલના કોલકરારથી વધુ વધારો થયો હતો; આ વખતે ઈંગલંડના વડા પ્રધાનના ઓધા ઉપર ડયુંક આફ વેલીંગટન બીરાજતો હતો જેથી રૂશયાએ ઉતર તરફ જે ગંજાવર વધારો કીધો હતો તેની સામુ સાવચેતીથી હરીફાઈમા ઉતરવાનું તેણે શરૂ કીધું હતું. સુલેહના કોલકરારપર સહી થાએ તે આગમચ, રૂશયા રખેને કાનસટનટીનોપલના ઉપર વધી આવે તેનો અટકાવ કરવાના વીચારથી ડારડનલસમા ઉપડી જવા માટે તઈયાર રહેવાને તેણે બ્રીટીશ કાફલાને હુકમ કીધો હતો; આવી રાજનીતીથી બેશક કેટલેક દરજજે રૂશયા અટકી રહયું હતું; પણ એથી ઘાણું અગતનું પરીણામ નીપજાવી શકાયું નહી કેમકે તે હુકમ ઘણો મોડો નીકળયો હતો; ઈંગલંડની સરકારને હવે પોતાની ભુલ જણાઈ હતી કેમકે તે સમજવા લાગી હતી કે રૂશયાએ જે કોલકરાર કરાવી લીધા હતા તે એવા પ્રકારના હતા કે જેથી આયંદે તેને

લાભ થાએ, આવા કોલકરાર ઉપર સહી કરવાથી ઈંગલડને પ સ્તાવો લાગો હતો.

મોટાં રાજોએ વચે પડીને ગરીસને સ્વતંત્રપણું તો બક્ષયું પણ તેઓએ તેના માટે જેટલી આશા રાખી હતી તે બધી નીશ ફળ નીવડી હતી; ઘણાં વરસો સુધી તેઓ ઠરીને બેઠા હતા નહી. ગરીસના આ સ્વતંત્ર કરવામા આવેલાં રાજમા બળવા, ધાડ, લુટ ફાટ, માહોમાહેની અદેખાઈ, રાજદ્વારી ખટપટ, અને સાધારણ નબળાઈ ઘરઘાલી બેઠાં હતા; વલી રૂશયાએ તેમના ઉપર એટલો બધો કાબુ રાખયો હતો કે ગરીક પ્રજાને તે એક ગુલામ તરીકે ગણતું હતું; સને ૧૮૫૪ની ક્રીમયાની લડાઈ વખતે ગરીકો રૂશ યાના ઝારની મદદમા નીકલી તુરકીના માંતો ઉપર હોમલા નહી કરે તેનો અટકાવ કરવાના વીચારથી ઈંગલંડ અને ફરાનસને પીર સનો કબજો કરી લેવાની ફરજ પડી હતી. ડયુક આ આરગાઈલ જે તુરકીનો હડહડતો દુશમેન હતો તેને બટીક ૧૮૬૭મા કબુલ કરયા વગર ચાલયું હતું નહી કે ગરીસની સરકાર યુરોપમા સરવેથી નબેતર છે; એવા એક નાનાં અને અધુરાં રાજની આસપાસ જયારે દુશમનો ફરી વલેલા હોય ત્યારે તે કેવી બતંગ હાલતમા આવી પડવું જોઈએ તેનો સેલથી ખેઆલ થઈ શકસે; વખતના આગળ વધવાની સાથે પણ તેની હાલતમા સુધારો થયો હતો નહી.

સુલેહ થયા પછી સુલતાન માહમુદ કેટલાંક વરસો સુધી નવું લશકર તથા કાફલો ઉભો કરવાના અને પોતાની નાણાં સં બંધી હાલત સુધારવાના કામ પાછલ લાગા હતા; તેનું રાજ કોઈ દીવસ પણ નહી છુટે એવા ગુચવાડામા આવી પડયું હતું અને રૂશયાના ઝારને લડાઈના દંડની જે રકમ આપવાની હતી તે એ ટલી બધી ભારે હતી કે, તેમાં એક ત્રત્યાંઉસ જેટલી રકમ માફ કરવાની રૂશયાના ઝારને અરજ કરવાની તેને ફરજ પડી હતી; તો પણ થોડા વખતમા નવી ખટપટ પાછી જાગી હતી. મીસરનો પાશા મહમદઅલી જાણે ખુદ સ્વતંત્ર પાશા હોય તેવી રીતે વરત

ઝુંક ચલાવતો હતો અને તેની વધતી જતી સતાથી તુરકીના સુલતાનને બેચેની ઉપજી હતી. બેશક ખુદ ઘરના માણસોએ ઘર ઘાલ્યું હતું. સને ૧૮૩૧મા ઈબરાહીમ પાશા દમાસકસના પાશાની સામે ચહડાઈ લઈ ગયો હતો અને સીરયા ફતેહ કરી લીધું હતું; આ પ્રાંતમાંથી નીકલી જવાને સુલતાને તેને વારે ઘડીએ ફરમાવયું હતું પણ તેણે તે હુકમની દરકાર કરી હતી નહી. આથી આખરે સુલતાનને પોતાના ખંડયા પાશાની સામે સને ૧૮૩૨ના એપ્રીલ માસની તા૦ ૧૫ મીએ લડાઈ જાહેર કરવાની ફરજ પડી હતી. તુરકીના રાજના એશયાના પાયતખ્તં બરૂસા સુધી ઈબરાહીમ પાશા ધસી ગયો હતો અને જો રૂશયા વચે નહી આવયું હતે તો સુલતાન માહમુદને ગાદીપરથી ઉઠાડીને ઈબરાહીમ પાશા સુલતાનની ગાદીપર ચહડી બેસતે. ઈબરાહીમ પાશાના પ્રાકરમ અને હીમતની રૂશયાના ઝારે ઘણી તારીફ સાંભળી હતી અને એવો એક શુરો પેહલવાન તુરકીની ગાદી ઉપર બેસે તો તેને પોતાને ભારી પડી જાએ એમ સમજીનેજ રૂશયાનો ઝાર વચે પડયો હતો. સને ૧૮૩૩ના એપ્રીલ માસમા બાસફરસની પેલી તરફ એક રશયન કાફલાએ દેખાવ દઈને કાનસટનટીનોપલની સામે બાજુના કીનારા ઉપર એક મજબુત ફોજ ઉતારી હતી. આથી લડાઈનો છેડો આવી રહયો હતો; મીસરના પાશા મહમદ અલી અગરજે હજી સુધી સુલતાનના ખંડયા પાશા તરીકે ગણાતો હતો તોપણ તેને સીરયા અને અદાનાના પ્રાંતો મલયા હતા જે પોતાના રાજ સાથે તેણે જોડી નાખયા હતા. એજ વરસના જુલાઈ માસની તા. ૮મીએ સુલતાન માહમુદે રૂશયાની સાથે ઉનકયાર–સ્કેલેસીના પેલા પ્રખયાત કોલકરાર કીધા હતા જેની રૂએ એવી સરત કરવામા આવી હતી કે તુરકીની સરકારે રૂશયાની પરવાનગી વગર ડારડનલ્સમાથી કોઈ પણ પરદેશી રાજનિ લડાઈના ઓજાર સાથની મનવારને પસાર થવાની રજા આપવી નહી અને તેના બદલામા તુરકીને જયારે પણ લશકરની મદદની જરૂરર પડે ત્યારે તે મદદ

૪

રૂશયા પુરી પાડસે. યુરોપના રાજાએ જે ભુલ ભરેલી રાજનીતી ચલાવી હતી તેનું આ બિજું માઠુ પરીણામ નીપજયુ હતું કેમકે તેમની આવી ભુલ ભરેલી રાજનીતીથીજ તુરકીને રૂશયાનો સાથી થવાની અને બીજાઓને ભારે નુકસાન પોહોંચે એવા હકો રૂશયાને એકલાંને બક્ષવાની ફરજ પડી હતી.

સુલતાન માહમુદ મીસરના પાશાની શેખી ભુલી ગયા હતા નહી અને સદનતર જેર કરવા માટેની કેટલાંક વરશો સુધી તઈયારી કરી રાખી હતી; પણ ઈંગલંડ, રૂશયા અને ફરાંનસના વચે પડવાથી ઘણા લાંબા વખત સુધી તે મુલતવી રાખી હતી; પણ મહમદ અલીએ અરબસ્તાન ફતેહ કરી લેવાનો દેખીતી રીતે વીચાર બાહેર પાડવાથી આખરે સને ૧૮૩૯મા તે લડાઈ જાગી હતી; પણ એમા વલી નવેસરથી તુરકીના સુલતાનને ફટકો ખમવો પડયો કેમકે તા. ૨૪મી જુને નીસીબીસ અથવા નઝબ ખાતે મીસરી ફોજે તુરકી ફોજને ભારે ખવારી સાથે હાર ખવાડી હતી. સને ૧૮૩૯ના જુલાઈ માસની તા. ૧લીએ સુલતાન માહમુદ મરવાને બીછાને પડેલા હતા તે વખત સુધીમા એ હારની ખબર સ્ટમબોલ ખાતે આવી પોહોંચી હતી નહી. સને ૧૮૦૮મા તેઓ ગાદીપર આવયા હતા અને ૩૧ વરસ સુધી રાજ કિધું હતું જે મુદતમા તુરકીના રાજમા ઘણા મોટા ફેરફારો થઇ ગયા હતા અને તુરકીનું રાજ પાછલથી જે પોતાની મોટાઈ જાળવી શકયુ હતું તે આ સુલતાનના કામોને લીધેજ જલવાઈ રહી હતી.

હાલમાં ચાલેલી લડાઈના સંબંધમાં અંગરેજ લખનારાઓની ટીકા.

"દુન્યાના ઊપૂર એક મોટી આફત આવી પડી છે; અને તે માટે અફસોસ કરવાનું કાંઇ પણ કારણ નથી કેમ કે, આ મામલો જેઓએ સારી રીતે જાણવો જોઇએ તેઓએ વારંવાર ચેતવણી આપવા છતાં એ આફત ગરીસે આખી દુનયાને માથે નાખી છે. જાહેર લખનારાઓએ પોતાના વીચારો જણાવવા પેહેલાં રાજદવારી

સવાલોનું સારૂ જ્ઞાન ધરાવવું જોઈએ. તેની દીલસોજી હીયાં, ત્યાં, અથવા બીજે ઠેકાણે ખેંચાએ તો પણ સરવેથી પેહેલી ફરજ તે પોતા માટે અને પછી પોતાના વાંચનારાઓ માટે ધરાવે છે તે, એ છે કે, જે લશકરના માટે તે વીવેચન કરનાર છે તેનું અને તેમના સ્વભાવ સાથે તે કેવી રીતે મળતો થશે તેનું મુલતતવનું જ્ઞાન તેણે ધરાવવું જોઈએ.

કોણ જોખમદાર છે !

જે આફત માટે અતરે બોલવામાં આવે છે તેથી જયારે એક તરફથી તુરકીના લશકરની બાહાદુરી આખી દુનયામાં પ્રકાશીત થઈ છે અને પોતાની આગલી કીરતીનો ફરીથી છાપ બેસાડયો છે ત્યારે બીજી તરફ ગરીસની સરકારે પોતાની મુરખાઇથી આખી દુનયાની અપકીરતી પોતાના તરફ હોરી લીધી છે; અને તેઓએ ગમે તેવી પોતાના જાતભાઈ ખરીશતીઓના બચાવ માટે પ્રમાણીક રીતે કોશેશ કીધી હોય તોપણ તેમાં તેઓએ નીશફળતા મેલવી છે. પુરવ તરફના સવાલના જવાલાગરહી પદારથનું જે ઓને થોડું ઘણું પણ જ્ઞાન હતું તેઓએ આગમચથી એવીજ વકી રાખી હતી કે તુરકીના દીલાવર લશકરની ઝડપ અને બાહાદુરી આગલ ગરીસનું લશકર બીલકુલ તકી શકશે નહી અને ભાંગી પડશે; અને આપણા અનુભવ ઉપરથી આપણે જાણી ચુકા છીએ કે ખરેખર તેજ પ્રમાણે બનયું છે. વલી રાજદવારી સવાલોથી તેમજ તુરકી અને ગરીસના લશકરી બળ અને સાધનોથી જેઓ સારી રીતે માહેતગાર હતા તેઓએ જણાવયુ હતું કે, ગરીસ જેવું એક નબળું રાજ, તુરકીના રાજ જેવાં એક બળવંત રાજની સામે લડવાતો નીકલ્યું છે, પણ તેના પરીણામો તેને ઘણાં કડવાં ચાખવાં પડશે કેમકે તેની હાર તો થવાની એટલુંજ નહી પણ તુરકીની ફતેહથી તેની કીરતી વધશે એટલુંજ નહી પણ પુરવના મુલકમાં વસ્તી ખરીસ્તી પ્રજાના જાન ભયમાં આવી પડશે! બ્રીટીશ પારલામેનટના ૧૦૦ સભાસદોએ હાઇડ પારક અને ત્રાફલ

ગર સકવેરમા જે મોટી સભાઓ ભરીને ગરીકના રાજાને લડાઈ કરવા માટે ઉતેજન આપયુ હતું તે એવા વીચારથી કે અંગરેજ સરકાર તુરકીના ઉપર હોમલો કરવા માટે ગરીસને મદદ કરશે. જો આ વાત સરવેથી સારી રીતે જાણવી જોઈએ તો તે મી. માસીનગામે જાણવી જોઈએ કે ઈંગલંડ કદી પણ એવું કામ કરશે નહી અને તેણે પોતે પણ પોતાની ઉશકેરાયલી લાગણી વખતે તુરકીની સામે લડાઈ કરવા માટે ગરીકની સાથે સામેલ થવાને ઈંગલંડની સરકારને ભલામણ કરવાની હીમત ધરી હતી નહી; પણ તે, અને તેના મીત્રોએ હવામાં કીલા બાંધવા જેવા વીચારોથી સભાઓ ભરીને ગરીસને તેની હાલની સરજતે પોહોંચાડયુ હતું.

ગરીસની હારના પરીણામો.

જો આ કંગાળ અને ગરીબ ગરીકોની એકલાનીજ હાર થઈ હતે તો તે એક નજીવી જેવી બાબત સમજીને તેના માટે અખાડા કરી જવામા આવતે; પણ ગરીસની સરકારના મુરખાઈ ભરેલાં અને ઊછાછલાં પગલાંથી ખેડુત વરગના ગરીક ખરીસ્તીઓને જે દુખ પડયું છે અને કંગાળ સ્થીતીમા તેઓ આવી પડયા છે તેનો જયારે આપણે વીચાર કરીએ છીએ ત્યારે તે વીશે અફસોસ કરયા વગર આપણાથી રેહવાતું નથી. આ સવાલના સંબંધમાં સતાવાર અનુભવ ધરાવનારા રાજદવારી તથા બીજા લેખકોએ આગમચથી જે ભયની ચેતવણી આપી હતી તેના ઉપર ધીઆન નહી આપવાથી આવું માઠું પરીણામ નીપજયું છે. તેઓએ જે રાજ, બીજાં રાજની સામે એક અઠવાડયું પણ નીભી શકે નહી તેને ઉશકેરીને તેની પાસે લડાઈની છેડતી શોધાવી હતી. આનું પરીણામ એવું આવયું કે, આખી દુનયાની દરબારો, શેહેરો, મોહોલાઓ અને બજારોમાં તુરકીની કીરતી ગાજી રહી હતી, અને આગલ કેટલાક અજ્ઞાન લોકો એમ સમજતા હતા કે, તુરકી કાંઈ બીસાદ ધરાવતું નથી, તેનું લશકર હાલ હવાલ અને કંગાળ છે! તેજ માણસો પાછલથી બોલવા લાગા કે ના બાઈ

ના તુરકીના લશકરીઓ પણ હજી સુધી પોતાની આગલી હીમત અને બાહાદુરી ધરાવે છે; એટલુંજ નહી પણ થોડા વખતમાં અને કાંઈ પણ ગોંગાટ કરયા વગર ગરેટ બ્રીટનની સરકારના સઘળાં કવાયદ પામેલાં લશકર કરતાં વધુ માણસોની ફોજ સરહદ ઉપર મોકલી આપવાની, તેમને બાહોસ અને અનુભવી સરદારો પુરા પાડવાની, ઘણી સરસ તોપો આપવાની અને લડાઈ વખતે જેવો સારો ખોરાક જોઇએ તે પુરો પાડવાની શકતી ધરાવે છે.

નીશફળતાની વારતા.

ગરીકોએ જયારે જોયું કે મોટાં રાજો આખરે ખરેખર કરીટમા સ્થાનીક સ્વરાજય સ્થાપવાને આતુર છે ત્યારે તેઓએ કરીટનો ટાપુ ગરીસને માટે હાથ કરવાને કરનલ વાસોસને લશકર આપીને મોકલી આપયો; તેઓએ આવીને તુરકી મુલકો ઉપર હોમલો કીધો અને દેખીતી રીતે તુરકીના રાજ સામે લડાઈ જાહેર કરવા જેવું કામ કીધું. હવે મજાનોજ નહી પણ એક માણસનો પણ હક છે કે, જો કોઈ તમારા ઘરમા પેસે અને કાંઈ લઈ જવાની કોશેશ કરે તો તમો તેનો પાછો બદલો લેવા માટે સગવડ ભરેલી તક હાથ ધરો છો.

લડાઈ કેવી રીતે શરૂ થઈ.

ઉપલા સીધાંત પ્રમાણે ચાલીને તુરકીના નામદાર સુલતાને, કરીટના ઉપર જે હોમલો કરવામાં આવયો હતો તેનો બદલો લેવા માટે થેસેલીની સરહદ ઉપર તુરકી ફોજ જમા કરવા માડી. આ ઉપરથી પોતાની સરહદનો બચાવ કરવા માટે સઘળા મજબુત માણસોને ગરીસે બનતી ઝડપથી ત્યાં હથયાર આપીને મોકલી આપયા. આ ઉપરથી એમ બનયુ કે એપ્રીલ મહીનાની શુરૂઆતથીજ, બે લશકર, પોતાના કુવત ઉપર મુસતાક રહીને અને અરસ પરસ ફતેહની આશા સાથે ગરીસની ઉતર તરફની સરહદ ઉપર સામસામા આવીને ઉભાં. તુરકી લશકરના વડા સરદાર ઈધમ પાશા હતા, તેમની મદદ માટે રીઝા પાશાને આપયા હતા અને તેમના હાથ હેઠલ ૧૪૦,૦૦૦ તુરકી સીપાહો અને આસરે ૨૦૦ લડા

ઈની તોપો હતી; બીજા હાથ ઉપર ગરીસના લશકરના વડા સરદાર તરીકે તેના પાટવી કુંવરની નેમણુંક કરવામાં આવી હતી અને તેનાં હાથ હેઠલ લગભગ ૮૦,૦૦૦ માણસો હતાં. બંને લશેકર એક બીજાની સામે ધુરકા ધુરકી કરી રહયું હતું અને એક ફોજનો માણસ પોતાને બાંધી આપેલી હદ ઓળંગીને બાહેર નહી નીકલે તે માટે કરાર કરવામાં આવયો હતો; પણ એ કરાર ગરીકોએ તોડયો હતો કેમ કે ગરીક લશકરની સાથે જે વગર કવાયદના માણસો હતાં તેઓએ પોતાની હોંસ અને ઉલટ બતાવવા ખાતર મેસીડોનયાના મુલક ઉપર કેટલીક વખતે દરોડા પાડયો હતો. તુરકીઓ કેટલીક વખત સુધી આવા દરોડા શાંખી ગયા હતા, પણ તા. ૧૮ મી એપ્રીલે તુરકીની સરકારે મોટાં રાજોને જાહેર કીધું હતું કે તેની ધીરજ ઊડી ગઈ છે:—

"ગરીસની સરકારનાં કવાયદવાલાં લશકરની મોટી સંખ્યા તોપોની સાથે સરહદ ઓળંગીને બેઈશકદાર, કારોમાન અને પરદીકા તરફ ગઈ છે તયાં લડાઈ શુરૂ કરી છે અને તે હજી પણ ચાલેછે. આ પરમાણે થતા સઘળા હોમલાઓ ધીઆનમાં લેત તુરકીની સરકારને, પોતાના લશકરના વડા સરદારને એવા હુકમો આપવાની ફરજ પડી છે કે પોતાના મુલકના બચાવની સલામતી ખાતર અને ગરીકો જે તેના મુલકમા પગ પેસારો કરે છે તેનો અટકાવ કરવા માટે જેટલા લશકરી ઊપાયો લઈ શકાય તે લેવા."

ગરીકો પોતાના દરયાઈ કાફલાના બળ ઊપર મુસ્તાક હતા !

ગરીસ તુરકીના ઉપર ફતેહ મેલવે એ વાત અગરજો અસભવીત હતી તો પણ તેઓએ સ્વપનામાં એવો ખેઆલ રાખયો નહી હતો કે તેમની ફતેહ થસે. તેઓ પોતાના કેહવાતાં "દરયાઈ બળ" ઉપર મુસ્તાક હતા, જે માટે કેપટન મોહને આપણને જણાવ્યુંહતું કે મજાના મોટા ઝગડા વખતે તે, અગતનો ભાગ બજાવસે; તેમનો કાફલો અગરજો નાનો હતો પણ તે, દરયાની મુસાફરી કરી શકે

એવો હતો; તુરકી કાફલામાં તેવી શકતી હતી નહી; આ ઉપર થી ગમે ત્યારે અને ગમે તે મથક ઉપર હોમલો કરવાને તેમને છુટ હતી; તો પણ આપણે સારી રીતે જાણીએ છીએ કે તેમના કમનશીબે તેઓ લડાઈના નસીબમાં કાંઇ પણ જાતનો સંગીન વગ ચલાવી શકયા નહી; પ્રેવેસાના ઉપર તેઓએ પોતાની મનવારો ઉપરથી તોપંનો મારો ચલાવયો પણ તેમા દેખીતી રીતે તેઓ કાંઈ પણ જાતનું નુકશાન કરી શકયા નહી; વલી તેઓ એવો દાવો કરે છે કે સેલોનીકાની નજદીકમા દરયા કીનારે આવેલા એક કસબા મધેના અસબાબનો તેઓએ નાંશ કીધો હતો એજ વખતે ગરીકોએ ૨૦,૦૦૦ માણસના લશકર સાથે ઈપીરસના ઉપર એવી આશાથી હોમલો કીધો હતો કે તેઓ તેથી જાનીના ખેડુત વરગના લોકોને બખળવો કરવા માટેની તક આપસે અને બળવાની હીલચાલ તથા તેમના હોમલા એ બંનેથી તેઓ જાનીનાનો કબજો લેવાને શકતીવાન થશે. વલી થેસેલીની સરહદ ઉપર પોતાની હોશયારીમા રહીને તેઓએ માલુનાપાસનો કબજો કરી રાખયો હતો.

ગરીકોએ એ પછી પેહેલીજ વખતે આગલ વધવા માંડયું હતું; પણ ઈધમ પાશાના લશકરને રસ્તામા ગરીકો તરફથી ઘણી અડચણ કરવામાં આવતી હતી, તોપણ તેઓ તેવી મુશકિલી વચે માલુના પાસમાંથી ધીમે ધીમે પોતાનો મારગ લેતા હરોલમા આવીને ગરીકોની અજાયબી વચે તેમની સામે આવીને ઉભા; સરવે બાજુએથી એક સરખી રીતે એ વાત કબુલ રાખવામા આવે છે કે ચાર પાંચ દીવસ સુધી તો ગરીકો હીમતથી લડયા હતા; પણ તુરકી લશકરના સરદારોની બાહોસી અને કુનેહથી ગરીક લશકરના સરદારો અંજાઈ ગયા હતા; તેમની ખોરાકી ઘણી થોડી હતી અને તેમની તોપો જેવી જોઈએ તેવી લાયક હતી નહી. પણ તેઓ હીમતવાન હતા અને ગરીકોના ઈપીરસ ખાતેના વધારાથી, થેસેલી મધેના તુરકીઓના વધારાને ધોકો પોહોંચસે એવા સંદેસા ફરી બલ્યા હતા. તેથી આ ગરીકોએ હજી સુધી એવીજ આશા રાખી હતી કે સેવટે તેમનીજ ફતેહ થસે; પણ એક અઠવાડયાં સુધીં આ લડાઇ લંબાઇ હતી.

ઉપર જણાવયા પ્રમાણે તા. ૨૩મી સુધી મામલો ચાલુ રહયો પણ તે પછી તુરકીઓની સરસ તોપોનો મારો ચાલવાથી તેનાં ઉપર કેટલીક અસર થઈ હતી. તા. ૨૩ મીએ ઓચીંતા ગરીસના પાટવી કુંવર અને તેના રસાલાના માણસોએ એવો ઠરાવ કીધો હતો કે પાસનો તેમનાથી હવે વધુ વખત સુધી બચાવ કરી શકાશે નહી; હજી તો આ ઠરાવ બાહેર નહી પડે એટલામાં બચાવને માટે આખી લાઈન ઉપર જે ગરીક લશકર રાખેલુ હતું તે ભાંગી પડયું. પેહેલા ધીમે ધીમે નાસ્તાં નાસતાં પછી ઉભી પુછડીએ નાસવા લાગા હતા અને સઘળાઓ જાણે દીવાના જેવા બની ગયા હતા. નાસ્તી વખતે સેલાઇ થઈ પડે તે માટે સીપાહો પોતાની પાસની ચીજો રસ્તાની બાજુએ ફેંકી દેતા ચાલ્યા અને જાણે પોતાની જીંદગી બચાવવા માટેની શરત રમતા હોય એવી રીતે દોડતા હતા; સઘલા કમનશીબ ખેડુતો પોતાના નાનાં બચાં, ઢોર અને બકરાના ટોલાં સાથે નીકલીને દોડતા સોલજરોના રસ્તાનો અટકાવ કરતા હતા; ગભરાટની અંદર લારીસાનો સદનતર કબજો છોડી દેવામા આવયો હતો, અને ધીમે ધીમે આગલ વધી આવતા તુરકીઓને માલમ પડયું કે તેઓ ફરીથી એક વખત થેસેલીના પાયતખ્તત શેહેરના ધણી થયા છે. ફારસાલુસ ખાતે ગરીકો એક વખત ફરીથી એકઠા તો થયા અને વોલો આગલ નીરાશી ભરેલો બચાવ કીધો. પણ હવે થેસેલીનો પ્રાંત તો ગરીસના હાથમાથી ચાલી ગયો હતો; અને ઇધમ પાશા હવે લારીસાના ધણી થવાથી, કરીટમા કરનલ વાસોસની હાજરીનો ગરીસને તુરકીઓએ જવાબ આપયો હતો.

થેસેલીના પ્રાંતમા તો ગરીશ્યનોની આશા હોલવાઈ ગઈ હતી; પણ ઈપીરસ ખાતે તો તેમને વધારે ભયંકર આફત ખમવાની હતી. તા. ૩૦ મી એપ્રીલ અને શુકરવારે તુરકીઓ ગરીસના ઉપર એકદમ તુટી પડયા અને કોઈ દીવસ તેઓ ફરીથી માથુ નહીં ઉચકે એવી કાંઈ પણ મેનત વગર તેમનો નાશ કરી

નાખ્યો. પાહાડના ઉપર આવેલાં ગરીક મથકના ઉપર તેઓએ એકદમ હામલો કીધો અને ગરીક લશકરી સીપાહો ત્યાંથી સસલાંની માફક નાસી ગયા. લારીસા ખાતે જેવી રીતે ગભરાટ ચાલ્યો હતો તેવીજ રીતે આરતા ખાતે પણ ચાલ્યો. ગરીકોએ લડાયક મજા તરીકેનું પોતાનું નામ ડુબાડયુ હતું; જે દેશને છોડવવાના વીચારથી ગરીકો મેદાન પડયા હતા તે દેશમાથી તુરકીઓએ તેમને ફેંકી દઈને પાછા પોતાની અસલી જુની સરહદ ઉપર મોકલી આપયા હતા. યુરોપના સઘળાં રાજો એવી વકી રાખતાં હતાં કે જયારે પણ પુરવ તરફનો સવાલ ઉભો થશે તે વખતે ગરીસ અગતનો ભાગ બજાવશે; પણ લડાયક તરીકેના તેમના નામનો તુરકીઓએ સદનતર નાશ કરી નાખ્યો હતો; ફારસલાની પેલી તરફની લાઈનમા તેમની પાસે હજી સુધી લડવા માટે ૪૦,૦૦૦ માણસની ફોજ હતી; પણ હવે તેઓ ગમે તેવી કોશેશ કરે પણ જે કીરતી ખોઈ દીધી છે તે, તેમને કોઈ દીવસ પણ પાછી મલવાની નથી.

પણ હવે સઘળું ધોવાઈ ચુકું છે; સને ૧૮૭૦ ની ફરાનસ અને જરમની વચ્ચે થયલી લડાઈ વખતે ફરાનસે કહયુ હતું કે "અમને ફસાવ્યા" તેમ હાલમા ગરીસ પણ કહે છે કે "અમને ફસાવ્યા." વડા મધાન એમ. દીલ્યાનીને બરતરફ કરીને એમ. રાલીની નેમણુંક કરવામાં આવી છે; મોટા લશકરી અમલદારોની ફેરબદલી કરવામાં આવી છે; ગરીસ હજી પણ સેવટ સુધી લડવાની વાત કરે છે પણ તેથી શું ફાયદો થવાનો ? એથી એટલુંજ થવાનું કે ફતેહમંદ તુરકીઓ એથનસ ઉપર વસી જવાના. મોટાં રાજોને વચમાં પડવાની માગણી કરવા માટે ગરીસની બાહેર મોટી મોટી બુમો પાડવામાં આવે છે; પણ ગરીસની સરકાર તે માટે પાધરી રીતે જયાં સુધી માગણી કરશે નહી અને કરીટ ખાતેથી કરનલ વાસોસને પાછો બોલાવી લેસે નહી ત્યાં સુધી તેઓ વચમાં પડવાના નહી.

અખબારે—ઇસલામ ઉપરથી

તુરકી અને ગરીસ વચે લડાઇની શુરૂઆત.

ગઈ તા. ૧૮ મી એપ્રીલના તારમાં તુરકીના નામદાર સુલતાન તરફથી જે લડાઈ માટેનું જાહેરનામું બહાર પાડવાનો તાર ફરી વલ્યો હતો તેથીં તુરકી અને ગરીસની સરહદ ઉપરનો મામલો કેવું ભારે અને ગંભીર રૂપ પકડતું જાય છે તે વાંચનારને સેહેજ રીતે જણાઇ આવશે. તુરકીના નામદાર સુલતાન તરફથી લડાઈ માટે આપવામાં આવેલી ખબર અને તેની શરૂઆત ગરીકની ગવરમેંટને ઓછા અચંબામાં નાખનારી બીના નહી થઈ પડશે.

આપણે જોતાં આવયાં છે જે ગરીક વાલેનટયરોનું સરહદ ઉપર રવાના થવું. તુરકી ગામ બાહેરના સીપાહોનું મારયા જવું તેમજ મુસલમાન બચા ઓરતોની ચાલુ કતલથી નામદાર સુલતાની બેહદી દયાને ગરીકની સરકારે ઉસકેરવાના કરમો કરી નામદાર સુલતાનને અંતે લડાઇ માટેનું જાહેરનામું દેવું પડયું છે તેમજ હાલના તાર સમાચાર મુજબ તેમણે પોતાના એથનસ ખાતેના એલચીને એકદમ બોલાવી ગરીકના કોનસલને કોનસટનટીનોપલમાંથી ઉપડી જવા માટે પાસપોરટ પણ આપી દેવામાં આવી છે. એ રીતે ગરીકની સરકારે સરહદે યુરોપની સુલેહનો ભંગ કરી લડાઈની આગને કાંડી મુકી છે. જે મહાભારત લડાઈથી દુર રહેવા અને સરવે યુરોપીઅન રાજકરતાઓમા સલાહસંપ જાલવવા માટે ગયા કેટલાક માસથી ખંત અને કાલજી દેખાડતા હતા અંતે તે સરવેનો નાશ થયો છે અને હવે હમો જોઈશું જે હાલની લડાઇમાં કેટલાક જણને જીપલાવવું પડે છે. આપણને શાંતી સાથે જોવાનું છે જે કેટલાક રાજયો યુરોપમા સલાહ પથરાઇ રહેવાને એક બીજાને રોકે છે અને કેવી રીતે આ લડાઇનો ચુપકીદી રીતે અંત લાવે છે અને સરવેને દેખાડી આપે છે કે જે માટે તેવણ એટલા માસથી રડાકુટ કરતા હતા તે પ્રમાણીક હતી અને નહી કે લોકોની આંખોમાં ધુલ નાખી પોતાનું કામ કાહાડી લેવાનું હતું.

હાલની ખબરો ઉપરથી સાફ રીતે જણાઈ આવે છે જે ગ્રીકના રાજા જારજે લડાઈ માટેની પહેલી છેડતી કરી છે તેમજ નામદાર સુલતાને પણ પાછળ ન હઠતાં તેની ઉમીદ બર લાવવા માટે લડાઈની તઈયારીઓ કરી રાખી છે હવે આપણે જોવું જોઇએ કે ત્રણ એકસંપ રાજો બે એકસંપ રાજો સાથે અથડી પડે છે અથવા આ બે પક્ષમાના એક સાથે બ્રીટીશ રાજય એકનાં પક્ષમાં રહે છે અથવા બેઉ સાથે લડે છે.

એ વાતમાં કાંઈ શક રહયો નથી જે કોઈ પણ રાજય હાલ તરત ગંભીરાઈની ટોંચ ઉપર ચઢી આંવેલા મામલા ઉપર યુરોપની પુરવ તરફ સળગેલી આગમાંથી પોતાને જોઈતો જમીનનો એકાદ કડકો લેવાની કોશેશ કરશે તો તે મેલવવાનો વખત એજ છે અને પ્રાંચીન કાલથી ભય પમાડનારી લડાઈની ઘડી આવી પોહોંચી છે. યુરોપના દક્ષણ અને પુરવ તરફના રાજયો લડાઈ માટે જોઈતી સામગીરીથી તઈયાર કરી બેઠા છે અને હાલમા સળગી ઉઠેલી નાશકારક આગની એક ચીંગારી તેમને ફીકાયત થઈ સરવે યુરોપમાં લડવાનો ધુવો ધમધોકાર ચહડી આવી થોડી મુદતમાં યુરોપના નકશાને ફેરવી નાખશે. એવું ધારવાનું કારણ કાંઈ જણાઈ આવતું નહી જે હાલ સળગી ઉઠેલી આગમાં વધુ તેલ શામાટે હોમવામાં આવે છે આપણને યાદ છે જે કાઉંટ મુરાવીહ એક બે માસની મુદતમ જેમ મીનસ્સ લોબાનાન યુરોપના પુરવ દેશમાં લડાઈ ઉતપન થયાંથી રૂશયા માટે ઠવા ઘેર બેઠાં ફાયદાઓ તેમજ લડાઈની મોકાણમાં ઝીપલાવવા વગર કેટલાક હકો મળી આવશે તેનો ખયાલ તો જરૂરજ કીધો હશે. ફરાંસને બીજા રાજયની સાથે લીવાંટ માટેની બાથાબાથીમાં કાંઈ ઉઘડવાનુ નથી. કાનસટનટીનોપલ પણ તેને મલવાની હદથી વેગલું છે તેથી તેને માટે એ વાત તો ખરીજ ઠરેછે કે રૂશયા સાથે મદદે ચઢી તે કાનસટનટીનોપલનો કબજો કરવા માટેની યુકતી રચતું હોય. જરમનીએ ખુલી રીતે જણાવી આપયું છે જે પુરવનો સવાલ તેને

માટે ફાયદાકારક જણાતો નથી. ગરેટ બરીટનના ૫૦ લડાયક બારકસો લીવિંટ ખાતે પડેલાં છે પણ તે તો માત્ર સુલેહની જાળવણી માટેજ રાખવામાં આવ્યાં છે અને જાણે સરવે રાજયો માટે ચેતવણી આપતાં હોય જે લડાઇમાં ઉતરવા અગાઉ તમારાં બળને પારખી રાખજો.

આસ્ત્રીયા અને ઈટલીને હાલની લડાઈમાં કાંઈ ફાયદો ન થતાં સામે તેમને આ લડાઈ જાગવાથી વધુ નુંકશાન થાય એમ છે.

તુરકોના નામદાર સુલતાનના લશકરી બળનો એક જાણવા જોગ નમુનો.

એવું કહેવામાં આવે છે જે હાલની તુરકી અને ગરીસ વચેના બખેડા વખતે નામદાર સુલતાન તરફથી ૮૦૦૦૦ એંસી હજાર સીપાહનું લશકર ફકત ગરીસ મધે આવેલાં થીસાલીની સરહદ બણી રવાના કરવામાં આવયું હતું.

ઉપલી બીનાથી સાફ રીતે સીધ્ધ થાય છે જે તુરકીની સરકાર પણ લોકોના ધારવા પ્રમાણે નબળા સબળા નથીજ. નામદાર સુલતાનના લશકરની બહાદુરી જોરાવરી તેમજ કવાયદ માટે તો લોકોને શંકાજ રહી નથી. તે લશકરમા કેટલાક તો એવા પણ લડવઈયા છે જે નામદાર સુલતાનનાં રાજયની જાલવણી અને તેમના નામનો પ્રતાબ પ્રથવી ઉપર કાયમ રાખવા માટે જયાં સુધી જખમી થઈ કાંઈ કરી નહી શકશે તોપણ પોતાનો પ્રાણ મેલી દેશે તયાંવેર શતરૂઓથી લડશે. મજકુર લશકરમાં મોટી સંખયા એશીયા માઈનારના તુરકોની છે જેવણ નામદાર સુલતાનના વાવટા હેઠલ લડવા માટે તેમજ એક સીપાહ બચાની જોઈતી સરવે ચપલતાઈ હુશયારી માટે પ્રખયાત થઇ ચુકાં છે. અને જાણીતા હમાદીયા કેવેલરીના તુરકો જે બેઉની સંખયા ૩૩૦૦૦ હજારની છે; એ ઉપરાંત કુરદો જેવણ પ્રાચીનકાલમાં થઈ ગયેલાં પ્રખયાત લોકોના તોખમથી ઉતરી આવેલાં કહેવામાંઆવે છે, અને જે લડવઈયાઓની મદદથી પારસીઓના નામીચા બાદશાહ દારાયસ જરકસીસે

રોમના મશહુર બહાદુર રાજકરતા ઉપર જીત મેલવી હતી અને કેટલીક લડાઇઓમાં ફતેહમંદ નીવડયા હતા. તુરકીના નામદાર સુલતાનની સતા હેઠલના લશકરને ખોરાકી અને જોઇતાં હથયાર તરત પુરા પાડવા માટેની ગોઠવણ ઘણી તારીફ કરવા યોગ છે. ઘણા દુર ન જતાં હાલના મામલાની રૂએ હમો કહી શકયે કે ૭૦ અથવા ૮૦ હજાર માણસોના ૭ ગંજાવર લશકરે એટલી ટુંક મુદતમાં ગરીસ જેવા પહાડી અને અઘરા રસતાવાલા શેહેરની સરહદથી પેલી ઉપર વધી જવું એ કાંઈ જેવું તેવું કામ નથી: ઉપલી બીનાથી બીજી કેવી કેવી પ્રકારની ગોઠવણો જોઇતા વખતે ઉપર થઇ શકે તે પ્રસીધ થઈ શકે છે. યુરોપના ઘણા બાહોસ અને પ્રખ્યાત રાજદવારીઓ રાજયધીકારી બાબતો ઉપર નકામા બખાળા મારી બાંકા ફુંકી કહે છે જે નામદાર સુલતાન એવા અને તેમનું બળ એટલું તેમને માટે આ એક અદના નમુનો છે તે, તમો જુઓ અને વીચાર કરો.

તુરકી અને ગરીશ વચે ચાલતી લડાઇએ પકડવા માંડેલું ગંભીરરૂપ.

ગાઝી ઓશમાન પાશાની નેમણુક.

કરીટનો મામલો ગંભીર થયા પછી ગરીસની સરકારે તેમના તરફથી વચમાં પડીને તે મામલાને વધુ ગંભીર બનાવી દીધો હતો એ વાત આપણે સારી રીતે જાણીએ છીએ. વલી આ વાત પણ આપણે જાણીએ છીએ કે બંને તરફના લશકર એક બીજાની સામે ગુરકા ગુરકી કરીને ઉભા હતાં અને એક ગોલીની વાટ જોતા હતા પણ તેમાંનું કાંઈ બનયું હતું નહી; વળી પણ એવી ધાસતી રાખવામાં આવી હતી કે ગરીસને સવતંત્ર થવાનો વારશીક દીવસ મંગલવાર હોવાથી તે દીવસે તે લડાઈ જાહેર કરશે પણ મંગલવારનો દીવસ અપશુકન ભરેલો ગણાતો હોવાથી તે દીવસે પણ તે કામ મોકુફ રાખવામાં આવયું હતું; પણ તુરકીની સરકારથી જયારે આ સરકસી ખમી શકાઈ નહી તયારે આખરે ગઈ તા. ૧૮ મી એપ્રીલે પોતે લડાઈ જાહેર કીધી હતી અને તે પછી

બંને તરફથી કેવી રીતે લડત ચલાવવામાં આવે છે તેની બાહેર પડેલી વીગત ઉપરથી વાંચનારાઓની ખાત્રી થશે કે હાલમા તો સામટી રીતે લેતાં તુરકીની સરકારનીજ ફતેહ થતી જણાય છે અને અનુભવીઓ પણ આગલથી એવોજ અભીપ્રાય ધરાવતા આવયા છે કે તેમા તુરકીનીજ ફતેહ થવાની.

પણ આ લડાઈ જેમ જેમ આગલ વધતી જાય છે તેમ તેમ તના અંદરના ભેદમા પણ વધારો થતો જાય છે; મોટાં રાજો કેવા દાવપેચ રમે છે તે હાલમા તો જણાતું નથી પણ સરવે કોઇ પોતાની બાજી તપાસીને ઊંડા દાવપેચ રમતા હોય એમ જણાય છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે થોડા દીવસની વાત ઉપર રૂશયાની સરકારે મોટાં રાજો વચે એવી યાદી મોકલી આપી હતી કે જો વચે પડવાની જરૂર જણાય તો સઘળાઓએ સાથે મલીને વચમાં પડવું; પણ કહે છે કે કેટલીક ચોકસ કલમો બાબત ઈંગલંડની સરકારે વાંધો ઊઠાવયો હતો; પણ તે વાંધો શું હતો તે બાહેર પાડવામાં આવયો નથી. મોટાં રાજો જેમ પોત પોતાના દાવપેચમાં રમે છે, તેમ ગરીસ પણ રમે છે, પણ આવા દાવપેચથી તુરકીની સરકાર અંજાઈ જાય એમ નથી. સરહદ તરફ જે લશકર મોકલેલું હતું તેની સરદારી અધમ પાશાને આપવામાં આવેલી હતી; પણ ઉપર આપણે જોઈ ગયા છીએ તેમ તુરકીની સરકારે એ સરદારી ગાઝી ઓસમાન પાશાને આપી છે; આપણે આ વાત સારી રીતે યાદ રાખવી જોઈએ કે જયારે મામલો બારીક થઇ પડયો હસે અને મોટાં રાજોમાંથી કોઈના તરફથી ઊંડી બાજી રચાતી હસે તે સમજીનેજ તુરકીની સરકાર એમની નેમણુંક કરી હસે વલી પલેવનાની મખયાત લડાઈ વખતે તેઓએ જે બાહાદુરી અને હીમત બતાવી હતી તે હજી સુધી ભુલી જવામા આવી નથી અને તુરકી લશકરમાં એઓ એટલા બધા માનીતા છે કે લશકરીઓને એમનું નામ સાંભળીને હોંસ અને ઉલટ આવવાની અને હીમતથી લડવાના. પાછલથી આ હુકમ રદ કરવામાં આવયો હતો.

તુરકી લશકરના લડવઇઆઓમા લડાઈ માટેની હોંશ અને મેદાનમાં જવા માટેની ઉમંગ હતી અને ઉપલો મામલો ફકત સીપાહો ઉપરજ અટકી રહયો નહતો પણ જુદા જુદા ગામોના ખેડુતો મોટા અધીકારો તેમજ શેહેરના તવંગરો અને નામીચા રહીશો તરફથી તુરકીના નામદાર સુલતાન જોગી અરજી ઉપર અરજી મોકલવામા આવી હતી કે, મેહેરબાની કરી હમારી અરજીઓને બહાલી આપી હમોને તરત મેદાનમાં લડવા માટેની રજા આપવી. કારાવેરા અને ઇલાસોના મથકોની વચે અને સરફીઝ નામના શેહેરની અધવચે એક મોટી આસ્પીટલ સ્થાપવામાં આવી અને અહીંઆં વળી બે શુમાર તોપો જે કરપ કમપનીમાં બનાવેલી તદન નવીજ જણાતી હતી તયાં ગોઠવવામાં આવી હતી; એવું જણાવવામાં આવે છે જે અધહમ પાશાએ ઘણી ઝડપ અને ચપલાઈ સાથે માત્ર પાંચ કલાકના ટુંક અરસામાં ૫૦ હજાર માણસોનું લશકર સરહદ ખાતે જમા કરી દીધું હતું. સરવે લશકર પગભર તઇયાર ઊભું છે માત્ર નામદાર સુલતાન તરફથી તાર મારફતે રવાના થવાનો હુકમની વાટ જુએ છે. લશકરીઓને ખોરાક દેવામાં આવે છે અને તેમના માટે હથીયારો અને રસદ વગેરેનો પુરતો બંદોબસ્ત જણાય છે.

થીસલીના સરહદ ઊપર થએલી લડાઇનું વરણન.

નીચે જણાવેલી ખબરો ગઈ તા. ૧૭ મી એપ્રીલથી તે તા. ૨૩મી એપ્રીલ સુધીની છે.

ગઇ તા. ૯ મી એપ્રીલે જયારે ગ્રીકયનો ગરેવી ખાતે હલો લઈ ગયા હતા અને ઓલીમપસ નામના પહાડ આગળ તુરકોએ તેમને નેઝરો અને કારયા નામોના મથક આગળ સખત માર મારી પાછળ હઠાવ્યા હતા. ઈસ્ટર તહેવારની સવારના તુરકો તરફથી લડાઈની શરૂઆત કરવામાં આવી હતી અને તે માટેની પેહલ વેહલી ખબરો લંડન ખાતેના પેપરોમાં પ્રગટ કરવામાં આવી હતી, તે પછી દરએક દુનયાના ભાગોમાં પ્રગટ થતાં વરતમાનપ

તરોમાં એક પછી એક સમાચાર છપાતા આપણી નજરે પડે છે. પુરવે સાલોનીકાની ખાડીની એક બાજુથી લઈને બીજી બાજુએ તેમજ આરટાની ખાડીને એક છેડેથી બીજે છેડે પશચીમ સુધીના રસતા ઉપર ગરીશયનોના ટોલાબંધ માણસો જતાં નજરે પડે છે અને તુરકો બાહાદુર સીપાહો પોતાની સઘલી કોશીશે થીસલીના વચલા ભાગમા જમા કરવાના કામમાં રોકાણા જણાય છે અને થીસલીના મોટાં મથકો પોતાના કબજામા લાવવાના કામમાં ઘણી ખંત અને ઊલંટ સાથે કામ લેતા માલમ પડે છે. ગઈ તા. ૧૭ મી એપ્રીલે સનીવારના કલાક ૬ વાગતે બંને પક્ષના લશકરોનો મુકાબલો માલુના પાસના મથક ઉપર થયો જે જગો ઈલાસોનાથી ૫ માઈલ છેટે આવેલી છે અને જયાંથી તુરનાવોસ તેમજ લારીસા ખાતે હલો લઈ જવો ઘણો સહેલ પડે છે. સોમવારની સવારના માલુના પાસ તેમજ તેની બાજુએ આવેલા લતા સરવે ગરીશયનોના હાથમાંથી નીકલી તુરકોના કબજા હેઠલ આવવા પામયા હતા તે પછી બુધવારના તાર સમાચારમાં જેમ જણાવવામાં આવયું હતું કે માલુના પાસ તુરકીઓના હાથમાંથી પાછો લેવામાં ગરીસનો ફતેહમંદ થયા છે પણ આપણે કેમ તે સાચી માની લઈએ. જયારે તુરનાવોસ ખાતેના સઘલા ખરીસતીઓ પોતાના જાનોની સલામતી અરથે શંહેર ખાતેથી નાસી જઈ લારીસા ખાતે જઈ રહયા હતા. તે પછી ગરીસનોએ મજકુર મથક તુંરકોના હાથમાથી ઝુટાવી લેવા માટે ઝારીયાસની ખીણ તરફ આવેલા ડેમેસાઈ શેહેર ઉપર હલો લઈ ગયાં હતાં. ગરીસનોએ પોતાની ફોજનો એક ભાગ તુરનાવોસની પશચીમે આવેલી ટેકડી ઉપર ત્યારે બીજો ઝારકોસની ઉતરે આવેલી સ્વેનીપાસ ઉપર ગોઠવયો હતો, ચારે બાજુએ ગરીસનો ઘણી સાઉચેતીથી કામ લેતા જણાતા હતા અને પોતાના તાબા હેઠલના મથકો ઊપર સારી દેખરેખ રાખતા હતા. મંગળવારને દહાડે એથનસ ખાતેથી સરકારી રીતે જણાવવામાં આવ્યું હતું જે કે ડેમેસાઈ ખાળી નાખવામા આવયું છે.

સમાપ્ત ભાગ ૧ લો.

અખબારે-ઈસ્લા

શનીવાર શીવાય દરરોજ પ્રગટ થાય છે.

પત્રનું લવાજમ.

વરસ એકના આગા પર..................રૂ. ૪

દરરોજના ટપાલ સાથે..................રૂ. ૬

અઠવાડીક ટપાલ સાથે..................રૂ ૭ાા=

જાહેર ખબરનો ભ.વા

૧ થી તે પાંચ લાઈનનો પેહલીવારનો રૂ ૧.

ત્યાર પછી છપાવે તો રૂ ૧ ની દશ ઓળ.

આ પત્ર સાથે છુટાં હેંડબીલોના વેહેંચાઈના રૂ ૫

લીધામાં આવશે.